

* ભગવાન જિનેન્દ્ર સર્વજ્ઞની દિવ્યધ્વનિ આવી તેમાં સિંહનાદ આવ્યો! શું આવ્યો? કે હે જીવ! તું સચ્ચિદાનંદ પરમાત્મસ્વરૂપ છો. પ્રભુ! તું પોતે પરમાત્મસ્વરૂપ મારી જાતનો જ છો. ભગવાન સર્વજ્ઞનો સિંહનાદ આવ્યો કે તું મારી જાતનો ભગવાન સ્વરૂપ છો તેમ જાણ.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ [દૃષ્ટિનાં નિધાન]

કહાન સંવત-૯ □ (૫૪૨) * આત્મધર્મ * (અંક-૬ વર્ષ-૪૫) □ વીર સં. ૨૫૧૫ ડિસેમ્બર, ૧૯૮૮

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જૈસા પરમાત્મા વૈસા યહ આત્મા ઔર જૈસા યહ આત્મા હૈ, વૈસા હી પરમાત્મા હૈ. જો પરમાત્મા હૈ વહ મૈં હૂં ઔર જો મૈં હૂં વહી પરમાત્મા હૈ. 'અહં' યહ શબ્દ દેહમેં સ્થિત આત્માકો કહતા હૈ ઔર 'સઃ' યહ શબ્દ મુક્તિપ્રાપ્ત પરમાત્મામેં લગાના. જો પરમાત્મા હૈ વહ મૈં હૂં ઔર મૈં હૂં સો પરમાત્મ.–યહી ધ્યાન હંમેશા કરના.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૨, ગાથા–૧૭૫)

* ગ્રંથ કરનાર આચાર્ય અજ્ઞાની જીવોને જ્ઞાન ઉત્પન્ન કરવા માટે વ્યવહારનયનો ઉપદેશ કરે છે અને જે જીવ કેવળ વ્યવહારનયને જ જાણે છે તેને માટે ઉપદેશ નથી. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિઉપાય, શ્લોક–૬)

* કોયરંજક અશુદ્ધભાવ તે શુદ્ધભાવની શક્તિ અશુદ્ધ થઈ ત્યારે થયો છે. અશુદ્ધતા પરનિમિત્તથી ઉફદૂ (ફૂગ) મેલ છે. પણ એણે (જીવે) કર્યું માટે તેનું છે. પણ તેનો મૂળભાવ નથી. શાથી કે–વાદળની ઘટા, લાલ–કાળી–પીળી–હરિતરૂપ થતાં આકાશ તેવું ન થયું. જેમ રત્ન ઉપર માટી ઘણી લપેટી છતાં રત્નનો પ્રકાશ માટી લપેટવા છતાં ન ગયો, તેમ અંતરશક્તિ જેવી ને તેવી છે. ત્યાં આત્માને અશુદ્ધભાવ થતાં આત્માના દર્શન–જ્ઞાનની અંતરશક્તિ જેવી ને તેવી છે. પરપુદ્‌ગલનું નાટક ઘણું બન્યું છે. તેને પુદ્‌ગલનો ખેલ જાણ. તારા આત્માનો ખેલ ન જાણ.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૬૫)

* એક જીવ જ જીવ–અજીવાદિક નવપદાર્થરૂપ થઈને વિરાજમાન છે અને એ નવપદાર્થોની અવસ્થાઓમાં પણ જો વિશેષ અવસ્થાઓની વિવક્ષા ન કરવામાં આવે તો કેવળ શુદ્ધ જીવ જ છે.

(શ્રી રાજમલજી, શ્રી પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૧૫૫)

* યદિ તુઝે નરકમેં જાનેસે રુકના અતિ પ્યારા હૈ, યદિ તૂ ઇન્દ્રકી વિભૂતિકો પ્રાપ્ત કરના ચાહતા હૈ અથવા યદિ તૂ ચારો પુરુષાર્થોમેંસે અંતિમ મોક્ષ પુરુષાર્થકો કરના ચાહતા હૈ તો તુજસે ઔર અધિક ક્યા કહેં, તૂ એક માત્ર ધર્મહીકા સાધન કર.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, શ્લોક–૨૩)

કહાન
સંવત-૯
વર્ષ-૪૫
અંક-૬
[ ૫૪૨ ]




વીર
સંવત
૨૫૧૫
સં. ૨૦૪૫
DEC.
A. D. 1988

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ભગવાનની દિવ્યધ્વનિથી પણ અગોચર ભગવાન-આત્મા

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

(સળંગ પ્રવચન નં. ૧૬)

શ્રી પરમાત્મપ્રકાશની આ ૨૩મી ગાથા ચાલે છે. તેમાં યોગીન્દ્રદેવ શું કહે છે? કે—આત્મા ભગવાનની દિવ્યધ્વનિનો પણ વિષય નથી.

પરમ બ્રહ્મ શુદ્ધ આત્મા સાક્ષાત્ કેવળીભગવાનની વાણીનો પણ વિષય નથી. કારણ કે ભગવાનની વાણી પરદ્રવ્ય છે. પરદ્રવ્યના લક્ષે ઊઠતાં વિકલ્પનો પણ આત્મા વિષય બનતો નથી. તો પછી પ્રશ્ન થાય કે આત્મા દિવ્યધ્વનિનો વિષય નથી તો ભગવાનની વાણી તો નિરર્થક ગઈ ને! ભાઈ! સાંભળવાનો વિકલ્પ નિમિત્તરૂપે હોય. તેનો નિષેધ નથી પણ વાણી સાંભળવાનો વિકલ્પ નિજ સ્વભાવને પકડવાનું સાધન નથી એમ કહેવું છે.

ભગવાન આત્મા નિરાકુળ ચૈતન્યદેવ વાણીનો વિષય બને એવો તેનો સ્વભાવ નથી અને વાણીનું સામર્થ્ય નથી કે એ ભગવાન આત્માને વિષય બનાવી શકે. સ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ શાંતિ અને સમાધિનો જ આત્મા વિષય છે. આત્મા પરમાત્મા સમાન છે તે દિવ્યધ્વનિનો વિષય કેમ બને? એ તો પોતાના શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ અને સમાધિનો વિષય છે.

લોકો મશ્કરી કરે કે જુઓ તો, શાસ્ત્રથી પણ આત્મા ન સમજાય એમ કહે છે. ભાઈ! શાસ્ત્રમાં જ આવે છે કે શાસ્ત્રમાં રમતી બુદ્ધિ વ્યભિચારીણી છે. તો લોકો કહે

જુઓ વાણીને વ્યભિચારી કહે છે. અરે, વાણી વ્યભિચારીણી નથી. વાણી પર છે તેના તરફ લક્ષ જાય છે એટલો શુભ વિકલ્પ છે તે વ્યભિચાર છે, સ્વભાવની જાત નથી.

ભગવાન આત્મા મન અને ઇન્દ્રિયોનો પણ વિષય નથી. મનમાં ઊઠતાં વિકલ્પો કે મૂર્તિક જડ ઇન્દ્રિયો વડે આત્મા જાણી શકાય નહિ.

પહેલાં શ્રદ્ધામાં બરાબર ચોક્કસ નિર્ણય તો કરો કે ભગવાન આત્મા વાણી, શાસ્ત્ર, મન કે ઇન્દ્રિયાદિનો વિષય નથી, એ તો માત્ર નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની પર્યાયનો વિષય છે.

શ્રોતા :—શાસ્ત્ર-સ્વાધ્યાયથી નિર્જરા થાય એમ કહ્યું છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સ્વરૂપના આશ્રયે જેટલી એકાગ્રતા થાય તેટલી જ નિર્જરા છે. શાસ્ત્ર તરફનો વિકલ્પ છે એ તો પુણ્યબંધનું કારણ છે.

ઇન્દ્રિય અને મન તો વિકલ્પરૂપ છે. તે મૂર્તિક પદાર્થને જાણે છે; તેના વડે અમૂર્તિક અને નિર્વિકલ્પ આત્મા કેવી રીતે જણાય ? અંતર તરફની નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના એકાગ્ર ધ્યાનમાં જ ભગવાન આત્માનો અનુભવ થાય છે. ભગવાન આત્મા નિર્મળ ધ્યાનનો જ વિષય છે. વિષય કહો, ધ્યાનથી પ્રત્યક્ષ કહો, ધ્યાનગોચર કહો, બધું એક જ છે.

વેદ—ભગવાનની દિવ્યધ્વનિ, શાસ્ત્ર, મન અને ઇન્દ્રિયથી આત્મા અગોચર છે. એક નિર્વિકલ્પ ધ્યાનમાં જ આત્મા ગોચર છે—અનુભવ થવા લાયક છે. આત્મા નિર્મળ પર્યાયનો જ વિષય છે.

ભગવાન આત્મા આદિ-અંત રહિત—અનાદિ અનંત પરમાત્મા છે, તે ધ્યાનનો વિષય છે. ધ્યાન એટલે શું ? કે ચિદાનંદ વસ્તુમાં એકાગ્રતા તેનું જ નામ ધ્યાન છે. આવા નિર્મળ ધ્યાનમાં જ આત્મા ગોચર છે. આત્મા ધ્યાનગમ્ય છે. પાંચ પ્રકારના આસ્રવોથી રહિત છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ—આ પાંચ પ્રકારના આસ્રવ છે, તે જીવની જ વિકારી પર્યાય છે પણ આત્મસ્વભાવમાં તેનો અભાવ છે. ભગવાન આત્મા આસ્રવ રહિત છે તેથી તે એક સમયની વિકારી આસ્રવ પર્યાય વડે પણ જણાતો નથી. આત્મા પોતાના અનંત જ્ઞાન, દર્શન સ્વભાવથી અસ્તિરૂપ છે અને આસ્રવથી નાસ્તિરૂપ છે.

ભગવાન આત્મા નિર્ભ્રાંતસ્વરૂપ છે. ભ્રાંતિ એટલે મિથ્યાત્વ, તે તો આસ્રવ છે. આત્મા તો સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન સ્વભાવી છે. તેમાં આસ્રવનો અભાવ છે. તો જે જેનાથી રહિત હોય તેના વડે કેમ પ્રાપ્ત થાય ? ન થાય. આસ્રવથી આત્મા પ્રાપ્ત ન થાય. અનંત ગુણ સમ્પન્ન પ્રભુ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગરૂપ આસ્રવથી ભિન્ન છે. તે ભિન્ન ભાવથી આત્મા કેમ જણાય ? તેનો વિષય આત્મા ન બને. શુદ્ધાત્મા પરમાનંદ શુદ્ધ સ્વભાવ છે તે આનંદ આદિની પર્યાયનો વિષય બને.

શ્રોતા :—વર્તમાનમાં આત્મા આસ્રવથી ભિન્ન છે?

પૂજ્ય ગુરુદેવશ્રી:—સાત તત્ત્વ છે ને! જીવ જુદો, અજીવ જુદો અને આસ્રવ પણ જુદો છે. તેના વડે આત્માનું જ્ઞાન ન થાય. આત્મા આસ્રવનો વિષય ન થાય. જ્ઞાનનો જ આત્મા વિષય બને. સમ્યક્ જ્ઞાનનો વિષય આત્મા થાય.

શુદ્ધાત્માના જ્ઞાનની સાથે આનંદ પણ પ્રગટ થાય છે તે નિત્યાનંદ સુખામૃત પરિણત સ્વરૂપના ધ્યાનથી આત્માની પ્રાપ્તિ થાય છે. લોકો તો વ્યવહારરત્નત્રયથી આત્માની પ્રાપ્તિ થવી માને છે. અરે ભાઈ! વ્યવહાર તો પરાશ્રિત છે, તેનાથી આત્મા પ્રાપ્ત ન થાય. આ બધું પહેલાં શાંતિથી વાત સાંભળી, સમજીને નિર્ણય કરવો જોઈએ.

સાંભળ તો ખરો! પ્રભુ! તારી ચીજ તો નિર્મળ આનંદકંદ છે. તેમાં અજીવ અને આસ્રવનો તો ત્રિકાળ અભાવ છે. શુદ્ધ નિર્મળ આત્મસ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને સાથે જે નિર્વિકલ્પ આનંદ પ્રગટ થાય છે તે સંવર, નિર્જરા છે. સંવર, નિર્જરા છે તે જ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. જે સ્વરૂપે શુદ્ધ વસ્તુ છે તેની દૃષ્ટિ, જ્ઞાન સહિત અંતર એકાગ્રતા કરતાં નિર્વિકલ્પધ્યાન પ્રગટ થાય છે. આવા નિર્વિકલ્પ ધ્યાન વડે નિજ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

વાણી, શાસ્ત્ર, ઇન્દ્રિય કે મનના લક્ષે આત્મા પ્રાપ્ત થતો નથી પણ પોતાના નિર્વિકલ્પ ધ્યાન વડે આત્મા પ્રાપ્ત થાય છે. લોકો આ વાત સાંભળીને રાડ પાડે છે કે 'જિનવાણીથી લાભ ન થાય એમ માનનારા જૈન નહિ', જિનવાણી પરદ્રવ્ય?—હા. અનંતવાર પરદ્રવ્ય, અને પરદ્રવ્યનો આત્મા વિષય નથી. ભગવાન આત્મા તો ધ્યાનગમ્ય છે. બીજો કોઈ આત્મપ્રાપ્તિનો ઉપાય નથી. આમાં કોઈ વસ્તુનો લોપ થતો નથી. જેમ વસ્તુનું સ્વરૂપ છે તેમ જ રહે છે. જ્યારે સ્વરૂપમાં એકાગ્રતા ન હોય ત્યારે વિકલ્પ હોય, નિમિત્ત હોય, પરદ્રવ્ય હોય, તેના તરફ લક્ષ હોય, બધું હોય પણ આત્મા તેનાથી અગમ્ય છે એ વાત નક્કી છે.

આત્મા શાસ્ત્રગમ્ય નથી તો આર્ત્તધ્યાનમાં તો આત્મા ગમ્ય ક્યાંથી થાય? આત્મા શાસ્ત્રગમ્ય નથી. દિગંબર સંતોનો આ પોકાર છે. નાગા બાદશાહથી આઘા એવા સંતો જ આવી વાત કહી શકે. અજ્ઞાનીની તાકાત નથી કે આવી વાત કહી શકે.

શાસ્ત્ર એમ કહે છે કે તું અમારા તરફનું લક્ષ છોડી દે, વિકલ્પનું લક્ષ છોડી દે. સ્વભાવનું લક્ષ કર. શાસ્ત્ર સાંભળીને શું કરવું?-કે શાસ્ત્ર કહે છે અજીવથી તો આત્માનું જ્ઞાન ન થાય, મિથ્યાત્વાદિ પાંચ આસ્રવથી પણ આત્માનું જ્ઞાન ન થાય. શાસ્ત્રથી કે વિકલ્પથી પણ ન થાય અને શાસ્ત્ર સન્મુખના જ્ઞાનથી પણ આત્મા પ્રાપ્ત થતો નથી. એક નિજ સ્વભાવ સન્મુખ લક્ષ કરવાથી—સ્વભાવના જ્ઞાનથી આત્મા પ્રાપ્ત થાય છે એમ

શાસ્ત્ર કહે છે. માટે શાસ્ત્ર સાંભળીને આત્માનું જ્ઞાન અને ધ્યાન કર તો તેમાં શાસ્ત્ર નિમિત્ત થયું કહેવાય.

આહાહા...તુ નિર્માલ્ય નથી. તું માલવાળો છો પ્રભુ! તું પામર નથી પ્રભુ છો. લાકડીના સહારાની જેમ અમારા સહારે તને જ્ઞાન થાય એવો તું પરાધીન નથી એમ શાસ્ત્ર અને સર્વજ્ઞ કહે છે.

ભગવાન સર્વજ્ઞ કહે છે....શાસ્ત્ર કહે છે...ગણધર કહે છે....સંતો કહે છે કે પરલક્ષી વિકલ્પ, પરલક્ષી નિમિત્ત કે પરલક્ષી જ્ઞાનથી તારું જ્ઞાન ન થાય. તારું જ્ઞાન તારા ધ્યાનથી થાય. પણ જીવને અનાદિથી ભીખ માંગવાની ટેવ પડી ગઈ છે એટલે પર તરફ અપેક્ષા રાખે છે તેથી કહે છે ભાઈ! ભીખ માંગવી એ તારું કામ નથી. તારી શક્તિની મહિમા તને કહીએ છીએ એ પણ તને બેસતી નથી? તારું સામર્થ્ય તને રુચતું નથી? અમે કહીએ છીએ છતાં સ્વીકાર કરતો નથી તો તેં અમારી વાત માની જ નથી.

અમે કહીએ છીએ કે અમારા અવલંબને તારું કાર્ય નહિ થાય. તારો ભગવાન આત્મા અમારા અવલંબને પ્રાપ્ત થાય તેવો નથી. એકલી ચિદાનંદની મૂર્તિ, વીર્ય એટલે બળની મૂર્તિ, જ્ઞાનની મૂર્તિ, શ્રદ્ધાની મૂર્તિ એવી અનંતગુણની એક મૂર્તિ ભગવાન આત્મા અમારા આધારે પ્રાપ્ત ન થાય—એમ શાસ્ત્ર દ્વારા સર્વજ્ઞદેવ અને સંતો કહે છે. પણ પરલક્ષ છોડીને સ્વલક્ષ નથી કરતો એણે ભગવાનની વાત ક્યાં માની?

પ્રભુ! તારી ચીજમાં એટલી તાકાત છે–સામર્થ્ય છે–એવા સ્વભાવસંપન્ન તું છો કે પરના અવલંબનથી તું પ્રાપ્ત ન થા. તારા જ્ઞાન, આનંદ, શ્રદ્ધા અને શાંતિથી તું પ્રાપ્ત થા એવો તારો સ્વભાવ છે. એમ સર્વજ્ઞદેવ કહે છે, શાસ્ત્રો કહે છે, કુંદકુંદ આચાર્યદેવ કહે છે; સંતો કહે છે તેની એકવાર હા તો પાડ! હા પાડતાં લત લાગી જશે એટલે હાલત થઈ જશે અને ના પાડીશ તો આત્મા પ્રાપ્ત નહિ થાય.

ભગવાન સર્વજ્ઞ વીતરાગદેવે સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમોસરણમાં જે કહ્યું એ જ શાસ્ત્રોમાં આવ્યું અને એ જ સંતો કહે છે. આ શાસ્ત્ર પોકાર કરે છે કે તારું સામર્થ્ય—સત્‌નું સત્ત્વ એવું છે કે પરાવલંબી વિકલ્પ કે પરાવલંબી જ્ઞાનથી એ પ્રાપ્ત ન થાય. સ્વભાવના જ્ઞાન, શ્રદ્ધા અને શાંતિ દ્વારા જ આત્મા પ્રાપ્ત થાય એવો આત્માનો સ્વભાવ છે.

જે કોઈએ આત્મા પ્રાપ્ત કર્યો તેણે ધ્યાનથી જ આત્મા મેળવ્યો છે, શાસ્ત્રથી, વિકલ્પથી, દેહથી, વાણીથી, તીર્થંકરથી કે સંતોથી આત્મા પ્રાપ્ત કર્યો નથી, ધ્યાનથી જ પ્રાપ્ત કર્યો છે.

શ્રોતા:—અલૌકિક વાત આપ કરો છો.

પૂજ્ય ગુરુદેવ—આત્માનું સ્વરૂપ જ અલૌકિક છે તો તેની વાત અલૌકિક જ હોય ને!

દ્રવ્યસંગ્રહની ૪૭ મી ગાથામાં આવે છે કે નિશ્ચય અને વ્યવહાર બંને મોક્ષમાર્ગ ધ્યાનથી જ પ્રાપ્ત થાય છે. નિર્મળ પર્યાયના સામર્થ્યથી જ પર્યાયવાન ધ્યાનમાં આવે એવું તેનું સ્વરૂપ છે. શાસ્ત્ર સાંભળવું એ તો ધ્યાનનો ઉપાય છે. શાસ્ત્ર એવું સંભળાવે છે અને શ્રોતા એવું સાંભળે છે કે શાસ્ત્રના અવલંબનથી આત્મા પ્રાપ્ત ન થાય પણ પોતાના અવલંબનથી જ આત્મા પ્રાપ્ત થાય.

એકલો ધ્રુવ પરમાત્મા–મહાન આત્મા સિદ્ધથી પણ ભિન્ન મહાન આત્મા છે. સિદ્ધ તો સિદ્ધના પોતાને માટે મહાન છે, પણ પોતાને માટે મહાન પોતાનો આત્મા છે, સિદ્ધ નહિ. આગળ ૨૪મી ગાથામાં આવશે કે આત્મા પોતે જ સર્વ વાતે પરિપૂર્ણ છે.

આવો મારગ કોઈ મહાન પુણ્યનો યોગ હોય તો સાંભળવા મળે અને એટલો ક્ષયોપશમ હોય તો સમજે. તેમાં આ સાંભળવા મળ્યું કે અમારા તરફના લક્ષથી તારું જ્ઞાન નહિ થાય. આવું જ્ઞાન થાય ત્યારે તેને ઉપકારનો વિકલ્પ આવ્યા વગર રહેતો નથી.

સર્વજ્ઞની દિવ્યધ્વનિ, સંતોની વાણી, શાસ્ત્ર બધાં એક જ વાત કહે છે ભાઈ! તું તારી મહિમા ઘટાડીને–ઓછી આંકીને તારી મહિમા કરવા માંગ એ ક્યાંથી થાય! પરની મહિમાથી તારી મહિમા ક્યાંથી થાય? તારા સ્વભાવમાં જ્ઞાન-આનંદ ભર્યો છે તેનું લક્ષ કર તો જ્ઞાન, આનંદ પ્રાપ્ત થાય. પરના લક્ષે જ્ઞાન, આનંદ ક્યાંથી થાય?

આત્માની તાકાત ઓછી માને તેણે આત્માને માન્યો જ નથી. સ્વભાવ તો જેવો છે તેવો જ છે પણ દૃષ્ટિ કરે ત્યારે અનુભવમાં આવે પણ લોકો અન્ય માર્ગે આત્મપ્રાપ્તિ માનીને વૃથા ક્લેશ કરે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ કરતાં કરતાં એકવાર બેડો પાર થઈ જશે એમ માનીને કર્યા કરે છે તેના દેહનો તો અભાવ થશે પણ વિકારનો અભાવ થઈને બેડો પાર નહિ થાય.

'ચિદ્રૂપમાં પરિણામ લગાઓ' આ દિવ્યધ્વનિનો સાર છે. યશઃતિલકચંપુ–શાસ્ત્રમાં કહ્યું છે વીતરાગની વાણી અન્ય છે અને આત્મા અન્ય છે પાંડિત્ય અન્ય છે અને આત્મા અન્ય છે. અહો આત્મા તો રાગરહિત, નયપ્રમાણ રહિત નિર્વિકલ્પ તત્ત્વ છે. માત્ર આનંદસ્વરૂપ છે. તે તરફ લક્ષ લગાવવું અને જ્ઞાન કરવું તે મોક્ષનો ઉપાય છે. લોકો અન્ય માર્ગે લાગેલાં છે અને માર્ગ કોઈ જુદો છે. લોકો તો વ્યવહારના વિકલ્પમાં, ક્રિયાકાંડમાં, બહારના શાસ્ત્ર ભણતરમાં લાગી રહ્યાં છે પણ માર્ગ કોઈ જુદો છે.

શાસ્ત્રભણતર ઉપાદેય નથી પણ શાસ્ત્રમાં કહેલો અર્થ શુદ્ધાત્મા તે ઉપાદેય છે આ ૨૩ મી ગાથાનો સારાંશ થયો.

[ ક્રમશઃ ]

[ પ્રવચન નં. ૫૨ ]

# * અલૌકિક આત્મદરબાર *

[ ઇષ્ટોપદેશ ગાથા-૪૬ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[ તા. ૩૧-૫-૬૬ ]

શ્રી ઇષ્ટોપદેશશાસ્ત્રની આ ૪૬ મી ગાથા ચાલે છે.

ભગવાન આત્મા પોતાને ભૂલીને રાગમાં જ એકત્વ માનીને તેમાં લીન થઈ જાય તેનું નામ જ સંસાર છે. તે જ મિથ્યાત્વ છે. ગાથામાં પુદ્‌ગલ શબ્દ છે તેનો અર્થ રાગ છે. કેમ કે પુદ્‌ગલ પરમાણુમાં આત્મા કેવી રીતે રમે? અજ્ઞાની જીવ રાગમાં રમે છે—તલ્લીન થાય છે, તે જ તેનું મિથ્યાત્વ છે.

પોતાના જ્ઞાન, દર્શન આનંદરૂપ કાયમી સ્વભાવમાં નહિ રમતાં, પુદ્‌ગલના રાગમાં રમે છે તે જીવને પુદ્‌ગલ સંગ છોડતું નથી. પોતે પુદ્‌ગલનો સંગ છોડતો નથી, માટે પુદ્‌ગલ પણ તે જીવનો સંગ છોડતું નથી.

અજ્ઞાની જીવ પોતાની વર્તમાન ઉપયોગભૂમિમાં—વર્તમાન જ્ઞાનના વ્યાપારમાં રાગ સાથે એકત્વ કરે છે એટલે પુદ્‌ગલ પ્રત્યે રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભાદિ કરીને તેમાં રમે છે. તેથી પુદ્‌ગલ ચાર ગતિમાં ક્યાંય તેનો સંગ છોડતું નથી.

આ શ્લોકો તો બહુ ટૂંકમાં સાર અને અસાર બંને તત્ત્વ બતાવે છે.

વસ્તુનો સ્વભાવ કોઈ અલૌકિક છે. તેનો દ્રવ્યસ્વભાવ, ક્ષેત્રસ્વભાવ, કાળસ્વભાવ અને ભાવસ્વભાવ બધું અલૌકિક છે. એક પરમાણુ એક સમયમાં ચૌદ રાજલોક ગતિ કરીને જાય છે એ તેની પર્યાયની તાકાત કેટલી? એક સમયમાં અનંત કાળા રંગે પરિણમેલો પરમાણુ બીજા સમયે અનંત સફેદ રંગરૂપે પરિણમી જાય. ક્ષેત્રાંતરની જેવી અચિંત્ય શક્તિ છે, એવી જ પર્યાયમાં ભાવાંતરની શક્તિ પણ અચિંત્ય છે.

આકાશનો એક પ્રદેશ અવગાહનની એવી શક્તિ ધરાવે છે કે જો આખા ચૌદ બ્રહ્માંડનાં પરમાણુ સૂક્ષ્મરૂપ ધારણ કરે તો તે બધાં એક પ્રદેશમાં સમાય જાય. આકાશ પણ અચિંત્ય શક્તિવાન છે. ચારે દિશામાં ચાલ્યા જાવ....ચાલ્યા જાવ....ચાલ્યા જ જાવ પણ આકાશના ક્ષેત્રનો ક્યાંય અંત આવશે ખરો? આકાશને અંત જ નથી.

તેમ આત્માની એક સમયની પર્યાયમાં આખા લોકાલોક ને ભૂત, વર્તમાન, ભવિષ્યની પર્યાય સહિત જાણવાની શક્તિ છે.

આહાહા....! સ્વભાવની મહિમાની મહિમા શું કહેવી? ભગવાન આત્મા એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે છતાં તે કાંઈ તેની વિશેષતા નથી, સ્વભાવ છે. આવો

અચિંત્ય સ્વભાવી આત્મા અજ્ઞાનદશામાં વિપરીત પરિણમીને એક સમયની પર્યાયમાં, રાગમાં એકત્વ કરીને અનંત સંસારને ઊભો કરે છે.

અહો! અનંત અચિંત્ય માહાત્મ્યવંત પ્રભુ કે જેના દરબારમાં અનંતા તો પરમાત્મા બિરાજમાન છે. દિવાનખાનામાં ૨૫-૫૦ રાજા આવતાં હોય, ચક્રવર્તીના દરબારમાં ૩૨૦૦૦ રાજાઓ હોય અને ઇન્દ્રના દરબારમાં ભલે અસંખ્ય દેવો હોય પણ આ ચૈતન્ય-દરબારમાં તો અનંતા પરમાત્મા બિરાજમાન છે. તેની તને મહિમા કેમ નથી આવતી?

શ્રોતાઃ—બહારમાં તો થોડું કહે ત્યાં ઘણું સમજાય જાય છે, પણ અહીં ઘણું કહો છતાં થોડું પણ સમજાતું નથી.

પૂજ્ય ગુરુદેવઃ—ભાઈ! રુચિ અનુયાયી વીર્ય હોય ને! જેની જરૂરિયાત જણાય તે તરફ વીર્ય વળ્યા વિના રહે નહિ.

ભગવાનનો દરબાર પણ કેવડો મોટો છે! સમ્યગ્દર્શનથી માંડીને આચાર્ય, ઉપાધ્યાય, મુનિની સર્વ નિર્મળ પર્યાય પણ ભગવાન આત્મામાં બિરાજમાન છે. એટલે અસંખ્ય સાધુઓ અંદર બિરાજે છે. જ્ઞાન, દર્શન, આનંદ, અનંત વીર્ય, પ્રભુતા, સ્વચ્છતા આદિ બધાં ગુણની અનંતી નિર્મળ પર્યાય અંદર આત્મામાં પડી છે. આવા આત્મદરબારને ભૂલીને અજ્ઞાની જીવ પોતાની વર્તમાન ઉપયોગભૂમિમાં એક રાગના કણને અભિનંદે છે-પોતાનો માને છે, તેનો સંગ પુદ્ગલ નહિ છોડે. અજ્ઞાની પોતે પુદ્ગલનો સંગ છોડતો નથી તો પુદ્ગલ તેનો સંગ કેમ છોડે?

એક તુચ્છ રાગના કણને અભિનંદે છે, તેમાં એકત્વ કરે છે, તેમાં લાભ માનીને પ્રસંશા કરે છે, એવો અજ્ઞાની જીવ ચારગતિમાં પુદ્ગલના સંગથી છૂટી શકતો નથી. વિકારનો સ્વામી થાય તેનાથી વિકાર કેમ છૂટે? એ વિકારના પ્રેમથી તેને ચાર ગતિનું ભ્રમણ છૂટતું નથી. ચાર ગતિમાં પુદ્ગલનો સંગ મળ્યાં જ કરે છે.

સંયોગીભાવમાં એકત્વ કરનારને સંયોગ મળ્યા વિના રહેતો નથી. રાગમાં ઉપાદેય-બુદ્ધિથી બંધ થાય અને બંધથી ચાર ગતિમાં પુદ્ગલનો સંગ થાય.

જીવની રાગની તત્પરતાનું આ ફળ બતાવ્યું. હવે આચાર્યદેવ આત્માની તત્પરતાનું ફળ આ ૪૭ મી ગાથામાં બતાવે છે:—

आत्मानुष्ठाननिष्ठस्य व्यवहारबहिःस्थितेः ।
जायते परमानन्दः कश्चिद्योगेन योगिनः ॥ ४७ ॥

વિરમી પર વ્યવહારથી, જે આતમરસ લીન,
પામે યોગીશ્રી અહો! પરમાનંદ નવીન. ૪૭.

જે જીવ શરીર, કર્મ આદિ બાહ્ય પદાર્થોનું લક્ષ છોડી, પ્રવૃત્તિ-નિવૃત્તિ લક્ષણવાળા વ્યવહારથી પણ દૂર થઈ આત્મધ્યાનમાં લીન થાય છે, તેને વચન-અગોચર એવો કોઈ પરમ આનંદ પ્રાપ્ત થાય છે.

અહીં પ્રવૃત્તિ-નિવૃત્તિ-લક્ષણ-વ્યવહાર એટલે શુભ-અશુભ ભાવરૂપ વ્યવહારની વાત છે. વિષય-ભોગાદિ અશુભથી નિવૃત્તિ અને દયા, દાન, પૂજાદિ શુભની પ્રવૃત્તિ તેનાથી પણ દૂર થઈ જે આત્મામાં લીન થાય છે એવા યોગી પરમાનંદને પામે છે.

શુભભાવના ગ્રહણ અને અશુભભાવના ત્યાગરૂપ ભાવથી પણ રહિત થઈને આત્મ-સ્વભાવમાં લીન થવાય છે.

ભગવાન આત્મા બહિર રાગમાં સ્થિત થાય તો તેને સંસાર છોડતો નથી એટલે ચાર ગતિરૂપ સંસારભ્રમણ તેને છૂટતું નથી, અને એ જ ભગવાન આત્મા જો વ્યવહારથી છૂટી સ્વભાવમાં લીન થાય તો તેનો મોક્ષ થયા વગર રહેતો નથી.

પ્રવૃત્તિ-નિવૃત્તિનો શુભ-અશુભભાવ એ જ વ્યવહાર છે, તે જ બંધનું કારણ છે અને એ જ સંસાર છે. અશુભથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ તે ભાવબંધ છે. તે ભગવાન આત્માને દુઃખની જેલમાં નાખનારો બંધ છે. ધર્માત્મા તે બંધથી છૂટીને સ્વભાવમાં આવે છે તેથી દુઃખની જેલમાં નહિ પડતાં તેને આનંદની લહેર મળે છે. પ્રવૃત્તિ-નિવૃત્તિના શુભ-અશુભભાવ બંને ઝેર છે. શ્રીમદ્ રાજચંદ્ર ૧૬ વર્ષની ઉંમરે કહે છે કે:—

નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી, ઝંજીરેથી નીકળે.

ગમે ત્યાંથી સુખ લ્યો એટલે જ્યાં સુખ હોય ત્યાંથી જ મળે ને! તું ગમે તે ક્ષેત્રમાં કે ગમે તે કાળમાં હો પણ અંતરમાં એકાગ્ર થઈને આનંદ પ્રગટ કર! પ્રવૃત્તિ-નિવૃત્તિનો વિકલ્પ એ તો જેલના સળિયા છે, તેને તોડીને છૂટી જા પ્રભુ!

નિવૃત્તિ–પ્રવૃત્તિ બંનેના વિકલ્પ વ્યવહારનું લક્ષણ છે. નિવૃત્તિ નિશ્ચયનું લક્ષણ છે અને પ્રવૃત્તિ વ્યવહારનું લક્ષણ છે એમ નથી.

જુઓ ને! આશાધરજીએ પણ કાંઈ ટીકા બનાવી છે! એમને જંગલમાં મુનિ મળી ગયા હતા. તેના શબ્દો ઉપરથી આ ટીકા વધુ સ્પષ્ટ થઈ. આશાધરજી તો ગૃહસ્થાશ્રમમાં રહેલાં પંડિત હતા.

પરપદાર્થથી હટું—દૂર થાઉં એવો વિકલ્પ હોય કે દયા-દાન-ભક્તિનો શુભ વિકલ્પ હોય તે બધો વ્યવહાર છે. એ વ્યવહાર કરતાં કરતાં મને નિશ્ચય થશે એ વાત રહેવા દેજે ભાઈ! દેહાદિ પર પદાર્થ અને તે સંબંધી વિકલ્પ, તે બધાંથી દૂર થઈ જે આત્માની

સમીપ આવે છે–અંતરમુખ દૃષ્ટિ કરીને આત્મામાં લીન થાય છે, તે ધ્યાની–યોગી–મુનિ છે. આવા યોગીને વચનથી અગોચર એવો પરમ આનંદ પ્રાપ્ત થાય છે.

અનાદિથી અજ્ઞાની જીવ રાગમાં એકત્વ કરતો આવ્યો છે. એ રાગનું એકત્વ પણ એક પ્રકારનું ધ્યાન છે, તે આર્ત્તધ્યાન છે–દુઃખરૂપ છે. તેને દુઃખરૂપ જાણીને તેનાથી દૂર હટી જે પોતાની ઉપયોગભૂમિમાં જ્ઞાયકના અસ્તિત્વમાં એકત્વ કરે છે તે આત્મધ્યાન છે. એવું ધ્યાન કરનાર ભલે આઠ વર્ષની બાળકી હો કે દેડકું હો પણ આત્માના આનંદનો તેને અનુભવ થાય છે.

આ આનંદનો સ્વાદ કેવો છે?—કે એ વચનથી અગોચર કોઈ પરમાનંદ છે. અરે સંસારની સાધારણ ચીજ લાડવા, ઘી કે કેરી આદિનો પણ મોઢામાં જેવો સ્વાદ આવે છે તેવો વાણીમાં કહી શકાતો નથી. જેવો સ્વાદ ખ્યાલમાં આવે તેવો વાણીમાં આવી શકતો નથી. તો આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ તો કોઈ અચિંત્ય છે, તે વાણીમાં શી રીતે કહી શકાય? માટે કહ્યું કે એ વચનથી અગોચર છે.

પહેલાં વસ્તુનું સ્વરૂપ જાણે પછી તેનો અનુભવ થાય. માટે પ્રથમ તો આત્માનું સ્વરૂપ કેવું છે તે નક્કી કરી પછી તેમાં એકાગ્ર થાય તો અનુભવ થયા વગર ન રહે. ભલે તે બાળક હોય કે સ્ત્રી હોય કે તિર્યંચ હોય પણ જે આત્મામાં એકાગ્ર થાય તેને વચનથી અગોચર એવો અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થયા વગર રહેતો નથી.

શરીરનું લક્ષ છોડી, અંદરમાં વિકલ્પ ઊઠે છે તેનું પણ લક્ષ છોડી, એક સમયની પર્યાયનું પણ લક્ષ છોડી અખંડાનંદ અભેદ નિજ આત્માનું લક્ષ કરે, અંતર એકાગ્રતા કરે તેને આવો વચન-અગોચર પરમાનંદ પ્રાપ્ત થાય છે.

ભગવાન આત્મા અનંતગુણની ગાંઠડી છે. તેમાં ગુણો જુદાં જુદાં રહેલાં નથી. લાડવામાં કે રૂની ગાંસડીમાં તો ગમે તેટલાં ભીંસ દઈને વાળ્યાં હોય તોપણ વચ્ચે પોલાણ રહી જાય, ખાલી આકાશપ્રદેશ રહી જાય પણ આ ભગવાન આત્મા એવો પરમાત્મા છે કે તેમાં કોઈ આત્મપ્રદેશ અનંતગુણ વગરનો ખાલી રહી જતો નથી, ગુણો ઠાંસોઠાંસ ભરેલાં છે.

આવા પરમાત્મામાં જે લીન થાય છે તેને વચનથી અગોચર અને બીજા કોઈને પ્રાપ્ત ન થાય તેવો પરમ આનંદ પ્રાપ્ત થાય છે. બીજાને કોઈને ન પ્રાપ્ત થાય એટલે?–કે જે આત્મામાં લીન ન થાય તે કોઈને આવો આનંદ પ્રાપ્ત થતો નથી.

પોતાના ભગવાન આત્માને છોડી તેનાથી વિરુદ્ધ એવા વિભાવ ભાવને અપનાવવાથી ચાર ગતિનું ભ્રમણ છૂટતું નથી. હવે એ વિભાવભાવની સમીપતા છોડી તેનાથી દૂર થઈ સ્વભાવની સમીપતા કરે તેને કોઈ વચનાતીત પરમાનંદ પ્રાપ્ત થાય છે.

અન્યમતમાં એક શંકરાચાર્ય થઈ ગયા. એક વખત પેશવા નામનો મોટો રાજા શંકરાચાર્યના દૂધથી પગ ધોતો હતો ત્યારે રાજાને થાય છે કે અહા ! મારા જેવો મોટો રાજા પગ ધુએ છે તેથી શંકરાચાર્યને કેટલો આનંદ થતો હશે ! તેને શંકરાચાર્ય કહે છે અમને તો શાસ્ત્રની આંટીઘૂંટી આવી હોય અને તેનો ઉકેલ આવી જાય ત્યારે જે આનંદ થાય છે તે જ અમારો આનંદ છે. આ તું ચરણ ધુએ છે તેનાથી અમને આનંદ નથી. ત્યારે અહીં તો કહે છે કે શાસ્ત્રના ઉકેલનો વિકલ્પાત્મક આનંદ પણ દુઃખરૂપ છે. તેનું લક્ષ છોડી સ્વભાવની સમીપતા થાય અને તેમાં લીનતા થાય ત્યારે જે આનંદ પ્રગટ થાય એવો બીજો કોઈ આનંદ જગતમાં ક્યાંય નથી.

આ પરમાનંદ જે પ્રાપ્ત કરે છે તેને જગતના મોટા શેઠીયાઓ, રાજાઓ, ચક્રવર્તી કે ઇન્દ્રના વૈભવોનો આનંદ પણ તુચ્છ લાગે છે. અહા ! અમારા અમૃત આનંદ આગળ ઇન્દ્રપદના ભોગ પણ ઝેરના નિમિત્તો લાગે છે.

નિજ પરમસ્વભાવની દૃષ્ટિ અને પરમ આનંદના અનુભવ વગર કોઈ બહારથી ત્યાગી થઈને બેસે તેથી શું ? અંતર આનંદની લગની લાગ્યા વગર બહારની લગની શી રીતે છૂટે ! ત્યાગીઓ કહે કે અમને બહારની લગની છૂટી ગઈ છે એ જૂઠી વાત છે. સ્વરૂપના ભાન વગરની બહારની બધી ક્રિયા જૂઠી છે.

હું દયા પાળું, પાપ ન કરું, ઉપદેશ આપું એવા શુભ વિકલ્પનું ગ્રહણ અને અશુભ વિકલ્પનો ત્યાગ તે બંનેથી શૂન્ય થઈ એટલે કે નિવૃત્તિ-પ્રવૃત્તિના વિકલ્પ છોડી જે નિજ આત્મામાં લવલીન થાય છે એવા ત્યાગી–યોગીને આત્મ-એકાગ્રતાથી આત્મધ્યાનથી અનંતકાળમાં ન મળ્યો હોય એવો પરમાનંદ પ્રાપ્ત થાય છે કે જે જન્મ-મરણનો નાશ કરવાનો એક માત્ર ઉપાય છે. [ક્રમશઃ]

—*—

"હું શુદ્ધ છું, રાગ પણ મારું સ્વરૂપ નથી"—એમ એકલી અધ્યાત્મની વાત આવે તે સાંભળવી સારી લાગે અને વૈરાગ્ય-ભાવનાઓના શ્રવણ ચિંતનમાં ઉત્સાહ ન આવે તો તે શુષ્ક છે. અંતરસ્વભાવ તરફના જ્ઞાન સાથે વૈરાગ્ય-ભાવનાઓ પણ હોય છે. અંતરનો શુદ્ધસ્વભાવ જેને રુચિમાં આવ્યો તેને પર્યાયમાં રાગ ઘટતાં વૈરાગ્ય-ભાવનાઓ આવે છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી [ દૃષ્ટિનાં નિધાન ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સર્વજ્ઞદેવે લોકમાં છ પદાર્થો જોયા છે. તે છએ દ્રવ્યો સ્વતંત્ર છે. દરેક વસ્તુ અનેકાંતસ્વરૂપ છે, એટલે દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે. તે દ્રવ્ય અને પર્યાયમાં જો સર્વથા ભેદ માને તો તેમાં દૂષણ આવે છે. તે અહીં બતાવે છે.

यदि वस्तुतः विभेदः पर्यायद्रव्ययोः मन्यसे मूढा ।
ततः निरपेक्षा सिद्धिः द्वयोः अपि च प्राप्नोति नियमात् ॥ २४६ ॥

**અર્થ**:—દ્રવ્ય અને પર્યાયમાં ( સર્વથા ) ભેદ માને છે તેને કહે છે કે–હે મૂઢ! જો તું દ્રવ્ય અને પર્યાયમાં વસ્તુપણાથી પણ ભેદ માને છે તો દ્રવ્ય અને પર્યાય બન્નેની નિરપેક્ષ અસિદ્ધિ નિયમથી પ્રાપ્ત થાય છે. ૨૪૬.

દ્રવ્ય જુદી વસ્તુ ને પર્યાય જુદી વસ્તુ એમ બે ભિન્નભિન્ન વસ્તુઓ નથી. દ્રવ્ય અને પર્યાયનું ક્ષેત્ર જુદું નથી, પણ એક છે. દ્રવ્યથી જુદી પર્યાય થતી નથી. રાગપર્યાય થાય તે પણ આત્મદ્રવ્યથી જુદી નથી, પણ કથંચિત્ અભેદ છે. જેમ સોનું અને તેનું કુંડળ વગેરે અવસ્થા જુદા નથી, સોનાની અવસ્થા સોના સાથે એકમેક છે, તેમ દરેક દ્રવ્યની અવસ્થા તે દ્રવ્યમાં જ થાય છે. દ્રવ્યની અવસ્થા તેનાથી જુદી હોતી નથી. દ્રવ્ય વગરની પર્યાય ન હોય ને પર્યાય વગરનું દ્રવ્ય ન હોય. જ્ઞાનની અવસ્થા જાણે છે તે અવસ્થા આત્માથી જુદી નથી, રાગ તે આત્માથી જુદો છે કે ભેગો? કથંચિત્ જુદો છે ને કથંચિત્ ભેગો છે. કઈ રીતે? કે ત્રિકાળી દ્રવ્યમાં રાગ નથી, તે અપેક્ષાએ રાગ આત્માથી જુદો છે પણ એક સમય પુરતી પોતાની પર્યાયમાં રાગ થાય છે, તેથી તે આત્માથી ભેગો છે. રાગ આત્માથી સર્વથા જુદો નથી, તેમ જ સર્વથા અભિન્ન પણ નથી. દ્રવ્યદૃષ્ટિથી રાગ આત્માથી જુદો છે ને પર્યાયદૃષ્ટિથી રાગ આત્માથી અભિન્ન છે. એ જ પ્રમાણે જ્ઞાનપર્યાય છે તે આત્માથી જુદી નથી. દ્રવ્ય અને પર્યાયને વસ્તુપણે ભેદ નથી. જ્ઞાનપર્યાય વિના આત્મા ન હોય ને આત્મા વિના જ્ઞાનપર્યાય ન હોય. જેમ રાગ સાથે આત્માને કથંચિત્ ભેદ–અભેદપણું કીધું તેમ જ્ઞાનપર્યાય સાથે પણ કથંચિત્ ભેદ–અભેદપણું છે.

કેવળજ્ઞાન પર્યાયનો કાળ એક સમય પૂરતો છે ને દ્રવ્ય ત્રિકાળી છે. જો દ્રવ્ય અને પર્યાય સર્વથા એકમેક હોય તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થઈ જાય, માટે દ્રવ્ય–પર્યાયને કંથચિત્ ભેદ છે પણ દ્રવ્ય અને પર્યાયને સર્વથા ભેદ નથી. જો સર્વથા ભેદ હોય તો દ્રવ્ય કયાંક ને પર્યાય કયાંક–એમ જુદા કરે પણ એમ પ્રદેશભેદ

નથી, દ્રવ્ય–પર્યાયને અભેદપણું છે. એ જ પ્રમાણે ધર્મપર્યાય પણ આત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન ને કથંચિત્ અભિન્ન છે. દ્રવ્ય શું, પર્યાય શું? તે વસ્તુસ્વરૂપ સમજવું જોઈએ. પર્યાય પરને લીધે થાય એમ જે માને તેણે દ્રવ્ય અને પર્યાયને સર્વથા જુદા માન્યા છે. રાગ થાય તે કર્મે કરાવ્યો એમ માને, અથવા રાગપર્યાય સર્વથા પરની છે એમ માને તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. રાગપર્યાય પણ આત્માની છે. તે પર્યાય પોતાથી થઈ છે.

દ્રવ્ય કોને કહે છે? અનંત ગુણોનાં પિંડરૂપ વસ્તુ તે દ્રવ્ય છે. પર્યાય કોને કહે છે? વસ્તુની સમયે સમયે બદલાતી દશાને પર્યાય કહેવાય છે.

દ્રવ્ય ત્રિકાળી છે ને પર્યાય એક સમય પૂરતી છે પણ તે એક સમય પૂરતી પર્યાય પણ વસ્તુની છે. ત્રિકાળી તત્ત્વની દૃષ્ટિ અપેક્ષાએ પર્યાયને અભૂતાર્થ કહેવાય છે, પણ તે પર્યાય કાંઈ પરની નથી. દ્રવ્ય અને પર્યાય બન્ને એક જ વસ્તુ છે. જુદી જુદી વસ્તુ નથી.

માટી અને ઘડો એકમેક છે. ઘડો થાય તે કુંભારથી જુદો છે, પણ માટીથી જુદો નથી. તેમ વિકારી પર્યાય થાય તે જડકર્મથી જુદી છે પણ આત્માથી તે પર્યાય જુદી નથી. વિકાર પણ આત્માની પર્યાય છે. જો તે પર્યાયને ન માને તો તે મૂઢ છે. અહો! સમયસાર તો કહે છે કે આત્માના સ્વભાવમાં વિકારનો અત્યંત અભાવ છે, વિકાર તે જડનો છે. પણ ત્યાં તે દ્રવ્યદૃષ્ટિનું કથન છે. પોતાની પર્યાયને ઓળખી છે, પછી દ્રવ્ય દૃષ્ટિમાં તેનો નિષેધ કરે છે. પણ જે જીવ રાગપર્યાયને પોતાની ઓળખે નહિ ને કર્મ જ રાગ કરાવે છે એમ માને તો તે જીવ મૂઢ છે. વિકાર પણ આત્માની પર્યાયમાં થાય છે. તેથી પર્યાય અપેક્ષાએ તે પણ જીવનો ધર્મ છે. જુઓ, વસ્તુને પોતાના દ્રવ્ય–પર્યાય સાથે એકપણું છે પણ પરથી તો તદ્દન ભિન્નપણું છે. જડની પર્યાય તે જડનો ધર્મ છે, જીવ તેનો કર્તા નથી, ને આત્માની પર્યાય થાય તે આત્માનો પર્યાયધર્મ છે. શરીર તે જડનો ધર્મ છે, શરીરને ટકાવી રાખવું એવો કાંઈ આત્માનો ધર્મ નથી, જો આમ નક્કી કરે તો પરથી ભિન્નપણું સમજીને પોતામાં વળે, ને પોતામાં પણ પર્યાય એક સમય પૂરતી છે, તે ત્રિકાળ નથી એમ જાણીને પર્યાયબુદ્ધિ ટળીને ત્રિકાળી દ્રવ્યબુદ્ધિ થાય એટલે સમ્યગ્દર્શન થાય.

કથંચિત્ ભેદ–અભેદરૂપ વસ્તુનો સ્વભાવ છે તે વાત સર્વજ્ઞના શાસન સિવાય બીજે હોય નહિ.

જ્ઞાન પોતાના આત્માથી જુદું નથી પણ પરથી ભિન્ન છે. જે જીવ જ્ઞાનને પરથી જુદું નથી માનતા ને સર્વથા અદ્વૈતરૂપ માને છે, જ્ઞાન સિવાય બાહ્ય પદાર્થો છે તે માનતા જ નથી તે જીવોની માન્યતામાં દોષ બતાવે છે.

यदि सर्वं एव ज्ञानं नानारूपैः संस्थितं एकं ।
तत् न अपि किमपि विज्ञेयं ज्ञेयेन विना कथं ज्ञानं ।।२४७।।

અર્થ:—જો બધીય વસ્તુ એક જ્ઞાન જ છે અને તે જ નાનારૂપથી સ્થિત છે—રહે છે તો એમ માનતા જ્ઞેય કાંઈ પણ ન ઠર્યું, અને જ્ઞેય વિના જ્ઞાન જ કેવી રીતે ઠરશે? ૨૪૭.

બાહ્ય પદાર્થો દેખાય છે તે ભ્રમ નથી, પણ સત્ છે. જ્ઞાન સત્ છે ને તેના જ્ઞેયરૂપ પર પદાર્થો પણ સત્ છે. જ્ઞાન છે તો તેનું જ્ઞેય પણ છે. જ્ઞાનને લીધે જ્ઞેય નથી ને જ્ઞેયને લીધે જ્ઞાન નથી; પણ જ્ઞાનમાં જાણવા યોગ્ય જ્ઞેય પદાર્થો તો જગતમાં સત છે. જ્ઞાન અને જ્ઞેય બન્ને પોતપોતાના કારણે સત છે. જ્ઞાનમાં પરજ્ઞેયો નથી ને પરજ્ઞેયોમાં જ્ઞાન નથી. બન્ને ભિન્ન ભિન્ન પદાર્થો છે. જુઓ, જ્ઞાનપર્યાયને પોતાના આત્માથી તો કથંચિત્ ભિન્ન-અભિન્નપણું છે, પણ પરથી તો તેને સર્વથા ભિન્નપણું છે. બધુંય અદ્વૈત જ્ઞાન જ છે—એમ નથી. જો બધું અદ્વૈત જ્ઞાન જ હોય, તો જ્ઞાનથી ભિન્ન જ્ઞેય તો કાંઈ ન રહ્યું! જ્ઞેય વિના જ્ઞાન કેવી રીતે ઠરશે? માટે જ્ઞેયો જ્ઞાનથી ભિન્ન છે.

કોઈ કહે કે-જ્ઞેયોનું જ્ઞાન થાય છે માટે તેનામાં પણ જ્ઞાન છે. કપડું જ્ઞાનમાં જણાયું માટે કપડામાં પણ જ્ઞાન છે તો તેની વાત જૂઠી છે. જડ વસ્તુમાં જ્ઞાન નથી, પણ તેનામાં જ્ઞાનનું જ્ઞેય થવાનો સ્વભાવ છે. તેનામાં જ્ઞાન હોય તો જ તે જ્ઞાનનું જ્ઞેય થાય-એમ નથી. જ્ઞાન તો જીવનો જ સ્વભાવ છે ને જ્ઞેય તો બધા પદાર્થો છે.

ભાવાર્થ:—વિજ્ઞાનાદ્વૈતવાદી-બૌદ્ધમતી કહે છે કે-'જ્ઞાનમાત્ર જ તત્ત્વ છે અને તે જ નાનારૂપથી બિરાજે છે.' તેને કહે છે કે-જો જ્ઞાનમાત્ર જ છે તો જ્ઞેય કાંઈ પણ ન રહ્યું. અને જ્ઞેય નથી તો જ્ઞાન કેવી રીતે કહો છો? કારણ કે જ્ઞેયને જાણે તે જ જ્ઞાન કહેવાય છે. પણ જ્ઞેય વિના જ્ઞાન નથી.

જુઓ, આ સર્વજ્ઞ ભગવાને જોયેલા લોકનાં પદાર્થોનું સ્વરૂપ કહેવાય છે. આવું વસ્તુસ્વરૂપ જાણ્યા વિના સાચી ભાવના હોય નહિ.

હવે જ્ઞાન અને જ્ઞેયનું જુદાપણું સિદ્ધ કરે છે.

घटपटजडद्रव्याणि हि ज्ञेयस्वरूपाणि सुप्रसिद्धानि ।
ज्ञानं जानाति यतः आत्मतः भिन्नरूपाणि ।।२४८।।

અર્થ:—ઘટ પટ આદિ સમસ્ત જડ દ્રવ્યો જ્ઞેય સ્વરૂપથી ભલા પ્રકારે પ્રસિદ્ધ છે અને જ્ઞાન તેને જાણે છે. તેથી તે આત્માથી-જ્ઞાનથી ભિન્નરૂપ જુદા ઠરે છે. ૨૪૮.

શરીર જડ છે, પણ જ્ઞાનમાં તે જણાય છે. તેથી તે જ્ઞાનનું જ્ઞેય છે, પણ તે

જ્ઞાનથી ભિન્ન છે. જ્ઞાનમાં શરીર જણાયું તેથી કાંઈ જ્ઞાન અને શરીર એકમેક થઈ જતાં નથી. જ્ઞાન અને જ્ઞેયની ભિન્નતા ન માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે ને ઘડો-વસ્ત્ર શરીર વગેરે સમસ્ત જડ પદાર્થો જ્ઞાનમાં જણાય છે તે જ્ઞેય છે. જ્ઞાનસ્વરૂપ આત્માથી તે જડપદાર્થો જુદા છે. એમ ભલા પ્રકારે પ્રસિદ્ધ છે. ગળપણનો સ્વાદ છે તે જડ છે ને તેનું જ્ઞાન છે તે ચેતન છે. તે બન્ને જુદા છે. હીરાનો ચમકારો જુદો છે ને તે ચમકારાને જાણનારું જ્ઞાન તેનાથી જુદું છે. હીરાનો ચમકારો તો જડ છે ને તેને જાણનારું જ્ઞાન આત્માનું છે. આમ ભિન્નતા જાણે તો પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા આવે ને પરનો મહિમા ટળે.

સ્વપર જુદા પદાર્થો છે તેને જુદા જાણીને, જુદા માનીને, પરથી ભિન્ન પોતાના આત્મામાં આચરણ કરવું તે ધર્મ છે.

यत् सर्वलोकसिद्धं देहं गेहादिबाह्य अर्थ ।
यः तदपि ज्ञान मन्यते न जानाति सः ज्ञाननाम अपि ।।२४९।।

અર્થ:—દેહ, મકાન આદિ બાહ્ય પદાર્થો બધાય લોકપ્રસિદ્ધ છે તેને પણ જે જ્ઞાન જ માનસો તો તે વાદી જ્ઞાનનું નામ પણ જાણતો નથી. ૨૪૯.

જ્ઞાન પરથી ભિન્ન છે ને તે જ્ઞાનસ્વભાવનું અચિંત્ય સામર્થ્ય છે. તેને ઓળખે તો ધર્મ થાય. હજી પરથી ભિન્ન જ્ઞાનસ્વભાવને ઓળખે પણ નહિ તો તેને ધર્મ ક્યાંથી થાય? અહો, મારો જ્ઞાનસ્વભાવ ને પદાર્થોનો જ્ઞેયસ્વભાવ. બન્નેનો સ્વભાવ ત્રિકાળ ભિન્ન છે. આવી ભિન્નતાને ન જાણે તો તેને જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી.

હવે નાસ્તિકવાદી જૂઠામાં પણ મહા જૂઠો છે એમ કહે છે:—

अक्षिभ्यां प्रेक्षमाणः जीवाजीवादि बहुविधं अर्थम् ।
यः भणति नास्ति किंचिदपि सः जुष्टानां महाजुष्ट ।।२५०।।

અર્થ:—જે નાસ્તિકવાદિ જીવ-અજીવાદિ ઘણા પ્રકારના પદાર્થોને આંખો વડે પ્રત્યક્ષ દેખતો હોવા છતાં પણ કહે છે કે 'કાંઈ પણ નથી' તે અસત્યવાદીઓમાં પણ મહા અસત્યવાદી છે. ૨૫૦.

જગતમાં પદાર્થો છે-એમ પ્રત્યક્ષ દેખાતું હોવા છતાં જે અજ્ઞાની માનતો નથી તે નાસ્તિકજીવ મહા અસત્યવાદી છે. પરચીજનાં કામ પરથી થાય છે છતાં એમ માને કે તે મારાથી થાય છે, મારા વગર પરના કામ થાય નહિ, તો તે જીવ પરના કાર્યને થતો દેખતો હોવા છતાં તેને સ્વતંત્ર માનતો નથી. મારા લીધે પરચીજના કામ થાય છે-એમ માને છે તે જૂઠો છે અને પરચીજો છે તેને બિલકુલ માનતો જ નથી, વસ્તુ જ નથી એમ સર્વથા અભાવ કહે છે તે તો મોટો જૂઠો છે. માટે સ્વ-પરચીજો જગતમાં જેમ છે તેમ જાણ અને પરથી ભિન્ન તારા જ્ઞાનસ્વભાવની ઓળખાણ કર,-એનું નામ ધર્મ છે.

—*—

[ ક્રમશઃ ]

# 卐 શુદ્ધ ચૈતન્યતત્ત્વને પ્રાપ્ત કર 卐

[ શ્રી નિયમસાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

હવે નિયમસારની ગાથા ૪૪ પૂરી કરીને પ્રવચનસારનો આધાર આપે છે.

આચાર્યદેવ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની ટીકામાં ૮ માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

[શ્લોકાર્થ] એ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા (અર્થાત્ પરદ્રવ્યરૂપ પરિણમનના નાશ દ્વારા) તેમ જ કર્તાકર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા આખરે જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે-એવો આ આત્મા ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો, પોતાના સહજ (સ્વાભાવિક) મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.

શુદ્ધ આત્મા વિકારનો કર્તા નથી પણ વીતરાગી પરિણામના કર્તા કર્મ આદિ છ કારકોના ભેદો પણ શુદ્ધ આત્મામાં નથી.

આ સારરૂપ શ્લોક છે. આત્માનું કલ્યાણ કરવું હોય તેણે શું કરવું? આત્મા જ્ઞાનાનંદસ્વરૂપી ચૈતન્યઘન છે, તેની અવસ્થામાં દયા-દાન, કામ, ક્રોધાદિના પરિણામ થાય છે તે ખરેખર આત્મા નથી. આત્મા તો શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છે એવા ભાન ને સ્થિરતા દ્વારા પરપરિણતિ ઉત્પન્ન થતી નથી તેને પરપરિણતિનો ઉચ્છેદ કર્યો કહેવાય છે.

આત્મા જડ પદાર્થનો તેમ જ પર ચૈતન્યની અવસ્થાનો તો કર્તા નથી કારણ કે તે પર પદાર્થો છે. તે સ્વયં તેની અવસ્થારૂપ સમયે સમયે પરિણમન કરે છે. વળી આત્માની પર્યાયમાં જે શુભાશુભ પરિણામ થાય છે તેનો આત્મા કર્તા ને વિકાર આત્માનું કાર્ય એમ કર્તાકર્મપણું પણ શુદ્ધ સ્વભાવમાં નથી. અહીં તો તેથી પણ સૂક્ષ્મ વાત છે.

આત્મા ત્રિકાળ શુદ્ધ છે એવા ભાન દ્વારા જે વીતરાગી પર્યાય પ્રગટે છે તેનો કર્તા આત્મા છે, વીતરાગી પરિણામ કર્મ છે, આત્મા વડે તે વીતરાગી પરિણામ કરાય છે માટે આત્મા કરણ છે, પોતે પોતાને ધર્મદશા આપે છે માટે આત્મા સંપ્રદાન છે. પોતામાંથી નિર્મળતા ઉત્પન્ન થાય છે માટે પોતે અપાદાન છે, ને પોતાના આધારે નિર્મળતા થાય છે માટે પોતે અધિકરણ છે. આમ છ કારકોના ભેદના લક્ષે ધર્મ થશે તેમ માનવું તે મિથ્યાશલ્ય છે. અહો! ઘણી સૂક્ષ્મ વાત કરી છે, શરીર, મન, વાણી, દેવ, ગુરુ, શાસ્ત્રના લક્ષે તો ધર્મ નથી, પુણ્ય પરિણામથી પણ ધર્મ નથી, પરંતુ પોતાના આધારે વીતરાગી પરિણામ પ્રગટશે એવા છ કારકોના ભેદ પાડી વિચાર કરવાથી રાગ

થાય છે પણ ધર્મ થતો નથી. આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ અભેદ છે છતાં તેને ભેદવાળો માનવો ને તેના આધારે ધર્મ માનવો છે ભ્રાન્તિ છે.

જે જીવ છ કારકોની ભેદબુદ્ધિ ટાળી શુદ્ધ ચૈતન્યતત્ત્વને પ્રાપ્ત કરે છે તે તેમાં લીન રહેતાં મુક્તદશાને પામશે.

જે જીવ શુદ્ધ ચૈતન્યસ્વભાવનું અવલંબન લ્યે છે તેને ભેદ ઊઠતા નથી ને પરપરિણતિ ઉત્પન્ન થતી નથી એટલે તેણે પરપરિણતિનો નાશ કર્યો ને કર્તાકરણના ભેદોની ભ્રાંતિનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. તે જીવે શુદ્ધ આત્મતત્ત્વને પ્રાપ્ત કર્યું છે.

લૌકિકમાં પૈસા પુણ્યને લીધે મળે છે, ડહાપણને લીધે મળતા નથી ને ડહાપણ હોય પણ પાપનો ઉદય હોય તો પૈસા ક્યાં ચાલ્યા ગયા એ ખબર પડતી નથી, પણ અહીં ધર્મમાં તો એક સમયમાત્ર પણ ડહાપણ વિના ચાલે તેમ નથી, એમ સાચા ડહાપણ વડે જે જીવ શુદ્ધ આત્માને પ્રાપ્ત કરે છે ને જાણવા-દેખવાના સ્વભાવમાં લીન રહે છે તે પોતાના સ્વાભાવિક મહિમાના પ્રકાશપણે સર્વદા મુક્ત રહેશે. પરાશ્રયબુદ્ધિ-રાગબુદ્ધિ ટાળીને જે જીવ સ્વભાવબુદ્ધિ કરે છે તે પોતાના સ્વભાવમાં ત્રિકાળ લીન રહેતો થકો અનંતકાળ શુદ્ધ રહેશે તેને મુક્ત દશા કહે છે.

વળી ૪૪ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં, ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:

[શ્લોકાર્થ] :—જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકાર સમૂહનો નાશ કર્યો છે, જે નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો ધરનાર છે, જે સર્વદા અમૂર્ત છે, જે પોતામાં અત્યંત અવિચળપણા વડે ઉત્તમ શીલનું મૂળ છે, તે ભવભયને હરનારા મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને હું વંદું છું. ૬૯.

ત્રિકાળ જ્ઞાનજ્યોતિરૂપ શુદ્ધભાવના આધારે મોક્ષ પ્રગટે છે માટે હું તે ઐશ્વર્યવાન સ્વામીને વંદું છું.

આ શ્લોકમાં મોક્ષલક્ષ્મીના સ્વામી શુદ્ધસ્વભાવને ટીકાકાર મુનિરાજ વંદન કરે છે. કેવો છે શુદ્ધ સ્વભાવ અથવા કારણપરમાત્મા?

૧. જેવી રીતે સૂર્ય ઊગતાં અંધકારનો નાશ થાય છે તેમ શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાન ને એકાગ્રતાં થતાં પુણ્ય-પાપરૂપી વિકાર ઉત્પન્ન થતો નથી. શુદ્ધ સ્વભાવ કેવો છે? જ્ઞાનજ્યોતિ છે, જ્ઞાનરૂપ છે, તેમાં વિકારનો અનાદિથી અભાવ છે ને આવું ભાન થત[ાં] પર્યાયમાં વિકાર ઉત્પન્ન થતો નથી. એને પાપરૂપી અંધકારનો નાશ કર્યો એમ કહેવામ[ાં] આવે છે. મારો આત્મા જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છે એમ અસ્તિનું જ્ઞાન થતાં તેમાં અંધકારન[ી] નાસ્તિનું જ જ્ઞાન થઈ જાય છે. અસ્તિનું જ્ઞાન થવું તે નિશ્ચય છે ને નાસ્તિનું જ્ઞા[ન] થવું તે વ્યવહાર છે.

૨. જેનાથી મોક્ષકાર્ય પ્રગટે તે કારણપરમાત્મા કેવો છે? નિત્ય, આનંદ, સુખ, જ્ઞાન, ચારિત્ર વગેરે અનંત શક્તિનો ધરનાર છે ને તે સમ્યગ્દર્શનનું ધ્યેય છે.

૩. શુદ્ધ આત્મા સ્પર્શાદિ વિનાનો છે એટલે કે સદાય અમૂર્ત છે.

૪. વળી શુદ્ધ આત્મા પોતામાં સદાય એકરૂપ રહે છે, એકરૂપ શુદ્ધ છે, તેથી ઉત્તમ શીલનું મૂળ છે.

૫. આવા શુદ્ધ આત્મામાં ભવભય નથી. તેની શ્રદ્ધા કરવાથી ભવરહિત દશાની પ્રાપ્તિ થાય છે. આવા મોક્ષલક્ષ્મીના સ્વામી ત્રિકાળી શુદ્ધ દ્રવ્યને હું નમસ્કાર કરું છું.

નિમિત્તથી કે પુણ્ય-પાપના વિકારથી તો ધર્મ થતો નથી. એક સમયની શુદ્ધ પર્યાયમાંથી પણ ધર્મ થતો નથી. શુદ્ધોપયોગ ધર્મ છે ને તે ધર્મ પર્યાયમાં છે પણ શુદ્ધોપયોગરૂપ ધર્મની પર્યાય શુદ્ધોપયોગરૂપ પર્યાયમાંથી આવતી નથી પણ ત્રિકાળ શુદ્ધ ભાવ કે જે એકરૂપ છે તેના અવલંબને તે પ્રગટ થાય છે.

સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસગંધવર્ણસ્પર્શને
સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહિ જીવદ્રવ્યને. ૪૫.
જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,
વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.

અર્થ:—વર્ણ-રસ-ગંધ-સ્પર્શ, સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ પર્યાયો, સંસ્થાનો અને સંહનનો—એ બધા જીવને નથી.

જીવને અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચેતનાગુણવાળો અશબ્દ, અલિંગગ્રહણ, (લિંગથી અગ્રાહ્ય) અને જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો જાણ.

સમ્યગ્દર્શનનું ધ્યેય શુદ્ધ સ્વભાવ છે. આત્માના શુદ્ધસ્વભાવમાં વર્ણ, રસ, ગંધ, સ્પર્શ નથી. પુરુષ, નપુંસકાદિ અવસ્થાઓ, જુદા જુદા સંસ્થાન એટલે આકારો અને સંહનન એટલે શરીરની મજબૂતાઈ વગેરે શુદ્ધ ચૈતન્ય દ્રવ્યમાં નથી.

જીવમાં રસ નથી, રૂપ નથી, ગંધ નથી, સ્પર્શાદિ ગુણવાળો નથી પણ જ્ઞાનસ્વરૂપ છે. શુદ્ધ આત્મામાં શબ્દ નથી. વળી તે કોઈ બાહ્ય ચિહ્ન-શરીરની નગ્ન અવસ્થા વગેરેથી પકડાય તેવો નથી અને તેને કોઈ સંસ્થાન નથી એવો શુદ્ધ આત્મા તું જાણ.

આ નિયમસારની ગાથા-૪૬, પ્રવચનસાર ગાથા-૧૭૨, સમયસાર ગાથા-૪૯, પંચાસ્તિકાય ગાથા-૧૨૭, ધવળ ભાગ-૩ પા. ૨, ભાવપાહુડ ગાથા-૬૪ બધી એક જ છે. પ્રવચનસાર તથા સમયસારમાં આ ગાથાના અર્થો વિસ્તારથી થઈ ગયા છે તેથી અહીં વિસ્તાર કર્યો નથી.

વિકાર કે અધૂરી પર્યાય મોક્ષનું કારણ નથી. શુદ્ધસ્વભાવ કારણપરમાત્મ
એક જ મોક્ષનું કારણ છે.

**ટીકા** :—અહીં (આ બે ગાથામાં) પરમસ્વભાવભૂત એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ તેને સમસ્ત પૌદ્ગલિક વિકાર સમૂહ નથી એમ કહ્યું છે.

એક સમયના વિકાર વિનાના શુદ્ધભાવને કારણપરમાત્મા કહેલ છે. મોક્ષમાર્ગ ને મોક્ષ—એ પરમ સ્વભાવભૂત નથી, સંવર નિર્જરા ને મોક્ષને પરદ્રવ્ય કહ્યાં છે. કારણ કે તેના લક્ષે રાગ થાય છે, ધર્મ થતો નથી. સંવર, નિર્જરા ને મોક્ષ પ્રગટવાનું કારણ નિત્ય ધ્રુવસ્વભાવ છે. તે પરમસ્વભાવભૂત છે. તેમાં સમસ્ત વિકારનો અભાવ છે. તે પુણ્ય-પાપના ભાવથી જણાય તેવો નથી. કેવળી અથવા સિદ્ધ પરમાત્માની આ વાત નથી પણ જેના આધારે કેવળી અથવા સિદ્ધ—કાર્યપરમાત્મા પ્રગટે એવો જે કારણપરમાત્મા નિજ આત્મા છે તેની વાત ચાલે છે.

આ સ્વભાવ ત્રિકાળ અંતર્મુખ છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે. પુણ્ય-પાપ અશુદ્ધભાવ છે. સ્વભાવના આશ્રયે અશુદ્ધભાવનો નાશ થઈ શુદ્ધભાવ પ્રગટે તેની પણ અહીં વાત નથી, પણ એકરૂપ અનાદિ અનંત શુદ્ધભાવનો આ અધિકાર છે. વિકારની બુદ્ધિ પર્યાયની બુદ્ધિ, સંવર–નિર્જરા–મોક્ષની બુદ્ધિ તે બધી પર્યાયબુદ્ધિ છે. તે આત્માને લાભદાયક નથી, સ્વભાવ એકરૂપ ત્રિકાળ છે તેની બુદ્ધિ કરવી તે કલ્યાણનું કારણ છે.

**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શરીરના આકારો, સંસ્થાન તથા સંહનન પુદ્ગલના ભેદો છે; શુદ્ધ જીવમાં તે નથી.**

ખરેખર ત્રિકાળ આત્મામાં લાલ, પીળા આદિ વર્ણ નથી. કોઈ અજ્ઞાની લોક કહે છે કે ધ્યાનમાં પીળું દેખાય છે તે આત્માનો સાક્ષાત્કાર છે. પણ તે ભૂલ છે. પીળું દેખાય તે તો રંગ છે, પુદ્ગલ છે; આત્મામાં તેનો અભાવ છે. આત્મામાં ખાટો, મીઠો આદિ રસ નથી. કેટલાક જીવો સુધારસને આત્માનો રસ કહે છે. પણ ભાઈ, તે તો જડનો રસ છે, ચૈતન્યસ્વભાવમાં તે રસ નથી. શુદ્ધ આત્મામાં સુગંધ કે દુર્ગંધ નથી. સ્ત્રી પુરુષ, નપુંસક વગેરે શરીરના આકારો આત્મામાં નથી. કુબ્જાદિ સંસ્થાનો આત્મામાં નથી, વજ્રર્ષભનારાચાદિ સંહનન મજબૂત હાકડાંવાળા શરીરો આત્મામાં નથી. તે બધું પુદ્ગલોને જ છે.

**એકેંદ્રિય જીવોને મુખ્યપણે કર્મફળચેતના છે, એકલા દુઃખનો અનુભવ કરી રહ્યા છે.**

સંસાર અવસ્થામાં સ્થાવર નામકર્મયુક્ત સંસારી જીવને કર્મફળચેતના હોય છે. મૂળ ગાથામાં 'चेदणागुणम' શબ્દ છે. તેમાંથી એકેન્દ્રિય જીવને કર્મફળચેતના છે. ત્રસજીવને કાર્યસહિત કર્મફળચેતના છે ને કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના છે. એમ ત્રણ પ્રકારે ટીકાકારે અર્થ કાઢયો છે.

એકેન્દ્રિય સ્થાવર જીવને કર્મફળચેતના છે. બટેટાના જીવો તથા ઝાડના જીવો પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ભાન ચૂકેલ છે, તેથી શુદ્ધસ્વભાવને અનુભવતા નથી પણ એકલા વિકારી ફળને અનુભવે છે. નિગોદનો જીવ શરીરને તો અનુભવતો નથી પણ પરને હું ભોગવું છું એવી મિથ્યા માન્યતાને તથા વિકારને અનુભવે છે. એકેંદ્રિય જીવને વિકાર હું કરૂં છું એવો ભાવ ગૌણ છે, તેઓ મુખ્યપણે દુઃખનો અનુભવ અથવા ભોગવટો કરી રહ્યા છે.

**ત્રસ જીવો વિકારી પરિણામના કાર્યસહિત હરખશોકને ફળરૂપે અનુભવે છે.**

'ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને કાર્યસહિત કર્મફળચેતના હોય છે' બેઇંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના જીવો ત્રસ છે. તેમાં કીડી, ઇયળ, માંકડ, ઢોર, નારકી, દેવ, મનુષ્ય આવી જાય છે. તે જીવો વિકારી પરિણામના કાર્ય સહિત હરખ-શોકને અનુભવે છે. અજ્ઞાની જીવો માને છે કે ખાવાપીવાના પદાર્થોને તથા પૈસાને અમે ભોગવીએ છીએ. પણ એમ બનતું નથી. કોઈ જીવ પર પદાર્થને ભોગવતો નથી. પણ પર પદાર્થોથી મને સુખ છે અથવા દુઃખ છે એવા વિકારી પરિણામને કરે છે ને હરખ–શોકને ભોગવે છે. કાર્યસહિત કર્મફળચેતનાને ભોગવે છે. દયા કરૂં, દાન કરૂં અથવા અશુભભાવ કરૂં એવા પરિણામમાં ચેતાઈ જાય છે, ને હરખ–શોકના ફળનો અનુભવ કરે છે.

આ પ્રમાણે કર્મફળચેતના અને કાર્યસહિત કર્મફળચેતના બન્ને અધર્મફળ છે ને સંસાર છે.

**સિદ્ધ તથા કેવળી ભગવંતોને કેવળજ્ઞાનરૂપી પૂર્ણ કાર્યશુદ્ધચેતના પ્રગટી છે.**

કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે. આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છે એવા કારણપરમાત્માનો આશ્રય કરી તેમાં વિશેષ સ્થિરતા કરી પોતામાં કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ દશા પ્રગટ કરી તેને કાર્ય પરમાત્મા કહે છે. તે કાર્યપરમાત્મા કેવળી અને સિદ્ધ છે. ઉપર મિથ્યાદષ્ટિ જીવોની વાત કર્યા પછી આત્માનું ભાન કરી, જેઓ કાર્યને હજી સાધી રહ્યા છે તેવા સાધકોની વાત ન લીધી. સાધકને જ્ઞાનચેતના હોય છે, પણ અંશે વિકાર ને અધૂરાશ છે તેથી પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાનચેતના હોતી નથી તેથી સાધકની વાત ગૌણ કરી, અહીં પૂર્ણ કાર્યરૂપ જ્ઞાનચેતના પ્રગટ કરી છે તેવા કેવળી તથા સિદ્ધભગવાનની વાત લીધી છે. કેવળી તથા સિદ્ધભગવંતોને કારણ શક્તિરૂપ જ્ઞાનચેતના હતી તેમાંથી કાર્ય પ્રગટી ગયું છે. તેમને એકલા જ્ઞાનનો અનુભવ છે.

**અભવી તથા નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવોને કારણશુદ્ધ જ્ઞાનચેતના હોય છે.**

હવે કારણપરમાત્માને પણ શુદ્ધજ્ઞાનચેતના હોય છે તેની સ્પષ્ટતા :

કારણપરમાત્મા એટલે શક્તિરૂપ, શુદ્ધસ્વભાવ. નિગોદથી માંડીને સિદ્ધ સુધીનાં જીવોમાં એકરૂપ પડયો છે. ત્રિકાળ એકરૂપ ભગવાનને કર્મચેતના નથી, કર્મફળચેતના નથી તેમ અધૂરી શુદ્ધ જ્ઞાનચેતના નથી. પણ શુદ્ધજ્ઞાનચેતના ઉત્પાદ-વ્યય વિનાની એકરૂપ બ જીવોને હોય છે. તારે ધર્મ ને આનંદ પ્રગટ કરવો હોય તો આત્મામાં જ્ઞાન અને આન એકરૂપ પડયો છે, તેનું અવલંબન લે. જે પદાર્થ હોય તે કોઈને લીધે હોય? ને હે તે એક સમય પૂરતો હોય? ના, આત્મપદાર્થ કોઈને લીધે નથી, તેમ જ આદિ અ વિનાનો છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં શુદ્ધજ્ઞાનચેતના છે, ગુણ તો ત્રિકાળ છે. અ ઉત્પાદ–વ્યય વિનાની ધ્રુવ એકરૂપ પર્યાય–શુદ્ધજ્ઞાનચેતના જે ત્રિકાળ પડી છે, તેની વ કરે છે. તેના આધારે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રદશા અથવા કાર્યશુદ્ધજ્ઞાનચેતના પ્ર છે. નિગોદના જીવો, મિથ્યાદૃષ્ટિ જીવો, તેમજ અભવી જીવોમાં પણ કારણશુદ્ધજ્ઞાનચેત સદાય પડી છે, તેમાં ફેરફાર નથી. જે કારણ સેવવાથી કાર્ય પ્રગટે તે કારણપય –શુદ્ધજ્ઞાનચેતના ત્રિકાળ એકરૂપ પર્યાય કે જે ઉત્પાદ-વ્યય વિનાની છે તેની વાત ચાલે મિથ્યાદૃષ્ટિ જીવોને આનું ભાન નથી ને કારણનો આશ્રય કરતા નથી તેથી તેમને કાર્ય ફળ આવતું નથી.

**સિદ્ધ તથા કેવળી ભગવંતોને શુદ્ધજ્ઞાનચેતના હોવાથી તેઓ ફળરૂપ પ આનંદને ભોગવી રહ્યા છે.**

'તેથી જ કાર્ય સમયસારને કે કારણ સમયસારને સહજ ફળરૂપ શુદ્ધજ્ઞાનચેત હોય છે.'

કાર્ય સમયસાર=કેવળી તથા સિદ્ધભગવંતોને પરિપૂર્ણ જ્ઞાનચેતના પ્રગટી તેથી તેના ફળરૂપે તેઓ નિરાકુળ આનંદને ભોગવે છે. સંસારદશામાં નિગોદ જીવ વિકારના ફળમાં, હરખ–શોકના અનુભવમાં રોકાયો છે. ત્રસ જીવ કર્મસહિત હરખ શોકને ફળરૂપે ભોગવે છે. સિદ્ધો તથા કેવળી ભગવંતો પૂર્ણ નિરાકુળ આનંદ ભો છે. કેવળી ભગવંતોને શુદ્ધ જ્ઞાનચેતના છે તેથી જ સહજ ફળરૂપ એટલે આનંદ હોય છે. જ્ઞાન ને આનંદનો અવિનાભાવી સંબંધ બતાવ્યો. (સાધકની વાત ગૌણ કરી કેવળી તથા સિદ્ધ ભગવંતો જ્ઞાનચેતનાના કાર્યસહિત આનંદના ફળ અનુભવે છે.

**નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવોને ત્રિકાળી કારણશુદ્ધચેતના છે તે તેમાં સહજફળ આનંદ અનાદિ અનંત રહેલો છે.**

હવે, કારણસમયસારને પણ સહજ ફળરૂપ શુદ્ધ-જ્ઞાનચેતના હોય છે. ત્રિકાળ કાર પરમાત્મા જે નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવો છે તે બધાને સહજફળ શુદ્ધજ્ઞાનચેતના હોય છે. જે ફળ પ્રગટે–ઉત્પાદવાળું, તે તો કાર્ય સમયસારને હોય છે, કહેવાઈ ગયું, પણ ત્રિકાળફળ, ત્રિકાળ આનંદ એકરૂપ અનાદિ અનંત ઉત્પાદ-વ્યય વિના

બધા આત્મામાં રહેલો છે તે બતાવે છે. કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના અનાદિ અનંત એકરૂપ છે. તેથી જ તેના ફળરૂપે આનંદદશા પણ ત્રિકાળ એકરૂપ છે. કોઈને પ્રશ્ન થાય કે ફળ તો ઉત્પાદ-પર્યાયમાં હોય. આ ત્રિકાળી પર્યાયમાં ફળ કેવી રીતે? તો તેનું સમાધાન :—ભાઈ, જેવી શુદ્ધજ્ઞાનચેતના ત્રિકાળી એકરૂપ છે તેમ આનંદ પણ ત્રિકાળી એકરૂપ છે. અહીં કારણપર્યાયની વાત ચાલે છે. ગુણની વાત નથી. કાર્યસમયસારને જે સહજફળ કીધું તે સાદિ-અનંત છે ને અહીં કારણસમયસારને જે સહજફળ કહેવાય છે તે અનાદિ અનંત છે. અહીં દ્રવ્યદૃષ્ટિનો વિષય બતાવે છે. તારે મોક્ષરૂપી કાર્ય પ્રગટ કરીને આનંદ જોઈતો હોય તો ત્રિકાળી કારણશુદ્ધજ્ઞાનચેતના ને તેના ત્રિકાળ ફળ આનંદ સહિત કારણપર્યાય-ત્રિકાળ એકરૂપ રહેતી પર્યાય સહિતનો કારણ પરમાત્મા અંતર ભર્યો પડ્યો છે તેમાં શ્રદ્ધા-જ્ઞાન ને એકાગ્રતા કર, તો મોક્ષમાર્ગ પ્રગટી મોક્ષદશા થશે.

[ ક્રમશઃ ]

## * ટ્રસ્ટનું નવું પ્રકાશન *

| | | કિંમત | | | કિંમત |
|---|---|---|---|---|---|
| ૧ અભિનંદન ગ્રંથ | [ ગુજ. ] | ૨૫-૦૦ | ૬ સત્તાસ્વરૂપ | [ ગુજ. ] | ૨-૫૦ |
| ૨ ઇષ્ટોપદેશ | [ ,, ] | ૭-૦૦ | ૭ સત્તાસ્વરૂપ | [ હિન્દી ] | ૨-૫૦ |
| ૩ ઇષ્ટોપદેશ પ્રવચન | [ ,, ] | ૯-૦૦ | ૮ મોક્ષમાર્ગપ્રકાશક | [ ,, ] | ૧૦-૦૦ |
| ૪ આત્માનુશાસન | [ ગુજ. ] | ૧૦-૦૦ | ૯ ચિદ્વિલાસ | [ ,, ] | ૫-૦૦ |
| ૫ નંદીશ્વર ભજન-પૂજન | [ ગુજ. ] | ૩-૦૦ | | | |

## ટ્રસ્ટનું નવું પ્રકાશન (પ્રેસમાં)

| | | | |
|---|---|---|---|
| ૧ અનુભવ પ્રકાશ | [ ગુજરાતી ] | ૭ સમાધિતંત્ર | [ ગુજરાતી ] |
| ૨ સમયસાર પ્રવચન ભાગ-૧ | [ ,, ] | ૮ સમન્તભદ્ર સ્તોત્ર-ત્રયી | [ ,, ] |
| ૩ ,, ,, ભાગ-૨ | [ ,, ] | ૯ આત્માવલોકન | [ હિન્દી ] |
| ૪ ,, ,, ભાગ-૩ | [ ,, ] | ૧૦ પંચાસ્તિકાયસંગ્રહ | [ ,, ] |
| ૫ ,, ,, ભાગ-૪ | [ ,, ] | ૧૧ વિધાન-પૂજા-સંગ્રહ | [ ,, ] |
| ૬ ,, ,, ભાગ-૫ | [ ,, ] | | |

[ ચૈતન્યસ્વરૂપ....ટાઇટલ ૩થી ચાલુ ]

જાણપણું થયું કહેવાય; નિજ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો આશ્રય કરીને તેનું જ્ઞાન થયું તે વાત જુદી જ છે. દેવ-શાસ્ત્ર-ગુરુનું જે જ્ઞાન થયું તે તો પરદ્રવ્યનું જ્ઞાન છે, સ્વદ્રવ્યનું નહિ. અહા! આવો મારગ છે.

ભાઈ! પર્યાય ઉપર જેને લક્ષ છે તેને વિભાવ ઉપર લક્ષ છે, પરદ્રવ્ય ઉપર પ્રેમ છે; તેને ચેતનના ત્રિકાળશુદ્ધ ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન નથી; તેને જે છ દ્રવ્ય વગેરેનું જ્ઞાન થયું તે પર્યાયમાત્ર રહ્યું, ત્રિકાળી ધ્રુવ ચૈતન્યસ્વરૂપનો આશ્રય નહિ થવાથી તેને દ્રવ્યનું જ્ઞાન થયું નહિ. ભગવાન આત્મામાં બે અંશ છે: (૧) ચેતનના ચૈતન્યસ્વરૂપ—શુદ્ધાત્મદ્રવ્યસામાન્યસ્વરૂપ—ધ્રુવ અંશ, ને (૨) પ્રતિસમય પરિણમતો પર્યાય-અંશ. તે બે અંશોમાં જે અંશ છ દ્રવ્યો, તેમના ગુણ-પર્યાયો, નવ તત્ત્વો વગેરેને તથા દેવ-શાસ્ત્ર ગુરુ વગેરેને જાણે તે વર્તમાન પરિણમતો પર્યાય-અંશ છે. અને તે પર્યાય-અંશ સિવાયનું જે આખું, ત્રિકાળશુદ્ધ, અપરિણામી, અનંત શક્તિવાળું, ચૈતન્યદળ છે તે ધ્રુવ દ્રવ્યાંશ છે. સમસ્ત પર્યાયાંશને ગૌણ કરી, ચેતનના ધ્રુવ ચૈતન્યસ્વરૂપને ઓળખી તેનો આશ્રય ને અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે.

એક બાજુ એમ કહે કે—અરિહંતને દ્રવ્યપણે ગુણપણે ને પર્યાયપણે જે જાણે તે પોતાના આત્માને જાણે અને તેનો મોહ અવશ્ય લય પામે; બીજી બાજુ એમ કહે કે—દેવ-શાસ્ત્ર-ગુરુનું જ્ઞાન પણ પર્યાય-જ્ઞાન છે. દ્રવ્યનું જ્ઞાન નહિ. ભાઈ! અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતાં પોતાના આત્માને જાણે—તે કથન નિમિત્ત ને વ્યવહારની અપેક્ષાનું છે. અરિહંતને વ્યવહારે જાણ્યા ત્યારે કહેવાય કે જ્યારે અરિહંતને દ્રવ્ય ગુણ પર્યાયપણે જાણી, પછી પોતાના દ્રવ્યસ્વભાવ તરફ—ચેતનના ધ્રુવ ચૈતન્યસ્વરૂપ તરફ—વળી, પર્યાયોને અને ગુણભેદને ગૌણ કરી, કેવળ દ્રવ્યસામાન્યના આશ્રયે પરિણામ પરિણામ-પરિણતિના ભેદનો વિકલ્પ ટાળી નિજ નિષ્ક્રિય ચિન્માત્ર સ્વરૂપને પામે. અહા! સંતોના સિદ્ધાન્ત ગહન ઘણા! બહુ ગજબ વાત! શી એમની શૈલી!

અહીં, ચેતનના ચૈતન્યસ્વરૂપને ઓળખી—એમ સ્વથી વાત કરી છે, પર્યાય દેવ-શાસ્ત્ર-ગુરુને—પરને—ઓળખી એમ વાત લીધી નથી. નિજ ધ્રુવ ચૈતન્યસ્વરૂપ ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે. વિભાવનો રસ તૂટવાનો એક જ ઉપાય છે. અહા! આ વાત લોકોને આકરી પડે છે, કેમ કે જગતમાં ચાલ નથી ને! અભ્યાસ નથી ને! અભ્યાસ કરે તો, વસ્તુ તો સાવ સીધી છે.

'માટે ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને તું વિભાવને તોડી શકીશ. ભાઈ! તારે જો મોહરાગદ્વેષરૂપ વિભાવને તોડવો હોય તો તે કાર્ય ચૈતન્યસ્વરૂપ

ધ્રુવ જ્ઞાયકભૂમિ ઉપર ઊભા રહેવાથી—નિજ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ સ્થાપવાથી —બની શકશે; માટે તું તારા ચૈતન્યસ્વભાવને ઓળખવાનો તથા તેનો અનુભવ કરવાનો અન્તર્મુખ ઉદ્યમ કર. અહા ! સાદા તેમ જ સ્વલ્પ શબ્દોમાં કેવું ઊંડું તત્ત્વ ભર્યું છે બાપુ !

દેવ-ગુરુની ભક્તિ, વ્રત, તપ, યાત્રા વગેરે શુભભાવો તો વિકલ્પ છે, રાગ છે; તેમાં ઊભા રહેવાથી, જાગરૂક—સાવધ થવાથી, વિભાવ તોડી શકાતો નથી. અરે ! દેવ-ગુરુનું જે જ્ઞાન કર્યું તે પણ પરલક્ષી જ્ઞાન—પર્યાયજ્ઞાન છે; એ પર્યાયજ્ઞાનમાં વળી કેટલી તાકાત ? એમાં ઊભા રહીને, તેનો આશ્રય કરવાથી વિભાવ કદી નહિ તૂટે. ધ્રુવ જ્ઞાયકની ભૂમિ ઉપર ઊભો રહીને, તેનો અંતરમાં આશ્રય કરીને તું વિભાવને તોડી શકીશ. 'વિભાવને તોડીશ' એ કથન પણ અપેક્ષાએ છે. સ્વભાવનો આશ્રય કરતાં અર્થાત્ જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થતાં વિભાવ જે સ્વયં તૂટી જાય છે તેને 'વિભાવને તોડ્યો' એમ કહેવાય છે. એ, કથન સિવાય સમજાવવું શી રીતે ? સમયસારની ૩૪મી ગાથાની ટીકામાં આવે છે ને ?—આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામમાત્ર છે. પહેલાં જે જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી. પોતે તો જ્ઞાનસ્વભાવ છે. પરદ્રવ્યને પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહિ તે જ ત્યાગ છે. એ રીતે, સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે, જ્ઞાન સિવાય બીજો કોઈ ભાવ નથી. જ્ઞાયકની ભૂમિ ઉપર ઊભા રહેવું તે જ વિભાવનું તૂટવું છે—વિભાવનું પ્રત્યાખ્યાન છે.

'વિભાવને તોડવાનો એ જ ઉપાય છે.'

વિભાવને એટલે કે દુઃખની દશાને ટાળવાનો અને નિરાકુળ સુખદશા પ્રાપ્ત કરવાનો અમોઘ ઉપાય, નિજ ત્રિકાળશુદ્ધ પરમાનંદકંદ ચૈતન્યસ્વરૂપને ઓળખી તેનો અનુભવ કરવો—એ જ છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ વગેરે શુભભાવ સ્વયં વિભાવમાત્ર છે; વિભાવ વડે વિભાવનો—દુઃખરૂપ દશાનો—નાશ કદી પણ ન થાય. અહા ! આવી વાત છે. વાત તો સરળ છે, પણ લોકોએ એવી કરી નાખી છે કે—'અમને પકડાય નહિ'. ભાઈ ! પકડાય નહિ એટલે શું ? તને પકડતાં તો આવડે છે; પર્યાયને પકડીને બેઠો છે—પર્યાયમૂઢાઃ પરસમયાઃ—તે પકડને પલટીને ત્રિકાળશુદ્ધ નિજ દ્રવ્યસામાન્યને પકડવાનું છે, તેના ઉપર રુચિનું જોર આપવાનું છે. અજ્ઞાનીને ધ્યાન કરતાં તો આવડે છે; શું આર્તધ્યાન ને રૌદ્રધ્યાન કરતાં નથી આવડતું ? જો ઊંધું ધ્યાન કરતાં આવડે છે, નિજ ચૈતન્યસ્વરૂપને દૃષ્ટિમાં લઈને તેનું સવળું ધ્યાન કરતાં કેમ ન આવડે ? સમજાણું કાંઈ? ક્યાં જોર દેવું ? સવળામાં કે ઊંધામાં ? સવળામાં જોર આપવું—

ચૈતન્યસ્વરૂપને ઓળખી તેના અનુભવનો ઉદ્યમ કરવો—એ જ વિભાવને તોડવાનો એકમાત્ર ઉપાય છે.

'વિભાવમાં ઊભાં ઊભાં વિભાવ નહિ તૂટે; મંદ થશે, અને તેથી દેવાદિની ગતિ મળશે, પણ ચાર ગતિનો અભાવ નહિ થાય.'

શુભાશુભ વિભાવમાં ને દેવ, ગુરુ કે તત્ત્વના બહિર્લક્ષી જાણપણારૂપ પર્યાયમાં ઊભાં ઊભાં, તેમાં રુચિપૂર્વક રચ્યાપચ્યા રહેવાથી, વિભાવ તોડી નહિ શકાય; દેવ-ગુરુ પર ફિદા ફિદા થઈ જાય, પણ ભાઈ! પર્યાયમાં—વિકલ્પમાં ઊભા રહીને—સાવધ રહીને વિભાવ નહિ તૂટે; મંદ થશે, અને તેનાથી સ્વભાવનો પર્યાયમાં ઘાત તથા દેવાદિની ગતિ પ્રાપ્ત થશે, પણ પર્યાયમાં સ્વભાવની પ્રાપ્તિ કે ચાર ગતિનો અભાવ નહિ થાય. દેવ-ગુરુની ભક્તિનો રાગ પણ ઘાતિકર્મને બાંધે છે, અઘાતિકર્મમાં તે મુખ્ય-પણે પુણ્યને બાંધે છે. મંદ કષાયથી ભલે પુણ્યકર્મ બંધાય, પરંતુ તે વિભાવ પણ નિજ ગુણનો ઘાતક હોવાથી સાથે ઘાતિકર્મ તો અવશ્ય બંધાય છે. આત્માના ધ્રુવ ચૈતન્ય-સ્વરૂપને ચૂકી દેવ-ગુરુને જાણે, છ દ્રવ્ય ને નવતત્ત્વને જાણે, અરે! અંદર જે રાગની મંદતા થઈ તેને જ્ઞાન થયું જાણે, પણ એ બધી પર્યાયબુદ્ધિ છે; તેથી પુણ્યબંધ થશે અને તેના ફળમાં મનુષ્ય કે દેવ થશે, પણ ચાર ગતિના અભાવસ્વરૂપ પૂર્ણાનંદમય સિદ્ધદશા નહિ થાય. અહા! વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે બાપુ! અરે! વસ્તુસ્થિતિ જ શી છે તેનું હજી જ્ઞાન ન હોય તેને ધર્મ ક્યાંથી થાય?

વ્યવહારના પક્ષવાળાને આ વાત આકરી લાગે. ભક્તિ તો મોક્ષની નિસરણી છે. દેવ-ગુરુની ભક્તિથી જો મોક્ષ ન થાય તો મોક્ષનું બીજું સાધન શું છે?—એમ કહી દેવ-ગુરુની શ્રદ્ધા તેમ જ ભક્તિને તેઓ મોક્ષનો ઉપાય માને છે. ભાઈ! દેવ-ગુરુ તો પરદ્રવ્ય છે, તેમને માનવા એ તો શુભ વિકલ્પ છે—રાગ છે, અને તે સંબંધી જે જ્ઞાન છે તે પણ પરલક્ષી છે—વિભાવ છે; તેમાં સાવધ રહેવાથી કષાય મંદ થશે, અને તેથી પાછી બીજી ગતિ મળશે, ગતિનો અભાવ નહિ થાય—સિદ્ધગતિ નહિ મળે.

વિભાવભાવથી, ભલે મંદ હોય, ગતિ મળશે. ફરીને ગતિ ન થાય—એમ નહિ બને; કષાય વિશેષ મંદ હોય તો દેવગતિ થાય, મધ્યમ મંદ હોય તો મનુષ્ય થાય દેવકુરુ ને ઉત્તરકુરુનો—ભોગભૂમિનો—મનુષ્ય થાય, પણ તે તો ગતિ જ છે, તે કાંઈ આત્માની જાત નથી. દેવ-ગુરુની શ્રદ્ધા-ભક્તિ કે તત્ત્વના બહિર્લક્ષી જાણપણારૂપ પર્યાયમાં—વિભાવમાં—જાગરૂક રહેવાથી વિભાવ નહિ તૂટે; રાગની મંદતા થશે અને તેથી દેવ કે મનુષ્યની ગતિ મળશે, પણ ગતિના પરિભ્રમણનો અભાવ નહિ

થાય. પૂર્ણ પરમાનંદસ્વરૂપ સિદ્ધદશા પ્રાપ્ત નહિ થાય. સિદ્ધદશાનો ઉપાય અર્થાત્ વિભાવને તોડવાનો ઉપાય તો પોતાના ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને ઓળખી તેનો અનુભવ તથા તેમાં પૂર્ણ સ્થિરતા કરવી એ જ છે. અહા ! આવી વાત છે આમાં (વચનામૃતમાં) ! અહીંની વળી કોઈ ટીકા કરે છે કે—લો, શ્રી કુંદકુંદાચાર્યના શાસ્ત્રને બદલે બહેનનું શાસ્ત્ર વ્યાખ્યાનમાં વાંચે છે. ભાઈ! વસ્તુસ્વરૂપ જે છે તે જ છે; શ્રી કુંદકુંદાચાર્યદેવ પણ એ જ કહે છે અને આ ( બહેનનાં વચનામૃત ) પણ એ જ કહે છે. અહા ! આ એક પેરેગ્રાફ તો જુઓ ! જે વસ્તુસ્થિતિ છે તે જ બતાવી છે ને ! —૦—

# હૈદરાબાદમાં શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરનો શિલાન્યાસ મહોત્સવ સાનંદ સમ્પન્ન

પરમોકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સદ્ધર્મવર્ધક પુનીત પ્રતાપે તેમ જ વીતરાગ-દેવગુરુમહિમાપ્રકાશક પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના મંગલ આશીર્વાદથી દક્ષિણભારતસ્થિત આંધ્રપ્રદેશની રાજધાની હૈદરાબાદ મહાનગરમાં સ્થાનીય પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીભક્તગણ—શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ—તરફથી નિર્માણાધીન શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરની મંગલ શિલાન્યાસ-વિધિ શ્રી પરશોત્તમદાસ ઓધડદાસ કામદાર ( મુંબઈ ) ના પરિવાર દ્વારા તા. ૨૦–૧૧–૮૮ના રોજ અત્યંત આનંદોલ્લાસપૂર્વક સુસમ્પન્ન થઈ હતી. આ સુઅવસરે મુંબઈ, મલાડ, બેંગલોર, મદ્રાસ, ખંડવા, વઢવાણ તેમ જ ગુજરાત-સૌરાષ્ટ્રના અન્ય શહેરોએથી લગભગ ૫૦૦થી વધુ મહેમાનો આવ્યા હતા. શ્રી શશીકાંતભાઈ શેઠના દેવ-ગુરુભક્તિ-ભીના તાત્ત્વિક શાસ્ત્ર પ્રવચન, ઘાટકોપર ભજનમંડળી દ્વારા ભજન, વિવિધ મનોહર શોભાયુક્ત અતિ ભવ્ય જિનેન્દ્ર રથયાત્રા તથા સાંસ્કૃતિક કાર્યક્રમ—ઇત્યાદિ અનેકવિધ કાર્યાનુક્રમપૂર્વક આ શિલાન્યાસ મહોત્સવ હૈદરાબાદના પ્રાંગણમાં ઉજવાયો હતો. શિલાન્યાસના ઉપલક્ષમાં તથા વિવિધ બોલીઓમાં શ્રી હૈદરાબાદ દિ. જૈન મુમુક્ષુ મંડળને સવા પાંચ લાખ રૂપિયાની આવક થઈ હતી. શ્રી જિનમંદિરનું નિર્માણકાર્ય શીઘ્ર પૂર્ણ કરીને આગામી 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દિ' વર્ષમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાના મંગલ આયોજન માટે મુમુક્ષુમંડળની પ્રબળ ભાવના છે. —ચીમનલાલ ડી. શાહ, અધ્યક્ષ

(તા. ૧૩-૧૨-૮૮)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* પરમ-તારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અધ્યાત્મ-સાધનાતીર્થ મ સુવર્ણપુરી તીર્થક્ષેત્રમાં—દૈનિક ધાર્મિક ગતિવિધિ સુચારુરૂપે યથાવત પ્રવર્તી રહી પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા પછી ૮ાા થી ૯ાા પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ શ્રી સમયસા 'પૂર્વરંગ' પર સત્તરમી વારનું અધ્યાત્મરસપૂર્ણ અદ્‌ભુત ટેઇપ પ્રવચન, ૯ાા થી ૧ પુરુષો માટે 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે ૩ થી ૪ શ્રી સમયસા 'સર્વ–વિશુદ્ધજ્ઞાન અધિકાર' પર શાસ્ત્રપ્રવચન, ત્યાર પછી જિનમંદિરમાં જિનેન્દ્રભ રાત્રે ૭ થી ૮ પૂજ્ય ગુરુદેવશ્રીનું 'સમયસાર-કલશટીકા' પર ૧૯૬૭નું ભાવવાહી ટે પ્રવચન અને ત્યાર પછી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમના સ્વાધ્યાયભવનમાં બ્ર૦ બહેનો દ્વ મહિલા-શાસ્ત્રસભા—એ પ્રમાણે કાર્યક્રમ સુંદર રીતે ચાલી રહ્યો છે.

* પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન શુદ્ધાત્મસાધના સહ સુ શાંતિમાં બિરાજે છે. શારીરિક સ્વાસ્થ્ય સાધારણતઃ ઠીક છે. સ્થાનિક મુમુક્ષુઓ તેમ સમાગત મહેમાનો તથા યાત્રાળુઓને તેમનાં પવિત્ર દર્શનનો લાભ મળે છે.

* નંદીશ્વર-અષ્ટાહ્નિકા પર્વ કારતક સુદ–૭, બુધવાર, તા. ૧૬–૧૧–૮૮ થી કારત સુદ–૧૫, બુધવાર તા. ૨૩–૧૧–૮૮ સુધી 'શ્રી પંચમેરુનંદીશ્વર મંડલવિધાનપૂજા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસના, જિનેન્દ્રભક્તિ ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમપૂર્વક ઉજવવા આવ્યો હતો.

આ પ્રસંગે, (કાયમી–પૂજા) (૧) શ્રી જયસુખલાલ પોપટલાલ સંઘાણી, રાજકો હસ્તે બ્ર. શારદાબેન (૨) શ્રી દેવજીભાઈ રામજીભાઈ તથા શ્રી ચંચળબહેન દેવજીભ કોઠારી, સોનગઢ (૩) ચંચળબહેન ગોરધનદાસ શાહ, મુંબઈ (૪) શ્રી શિવકુંવરબ ન્યાલચંદ મોદી, હસ્તે રમણીકલાલ ન્યાલચંદ મોદી તથા ભાઈઓ, રાજકોટ; (પ્રાસંગિ પૂજા) (૧) બ્ર. કંચનબહેન, બ્ર. ભારતીબહેન તથા કુ. જ્યોતિબહેન, સોનગઢ (૨) નીલમબહેન, મંજુબહેન, સુધાબહેન, સોનગઢ તરફથી રાખવામાં આવી હતી.

* 'પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી–સ્મારકયોજના' અંતર્ગત, અતિ રમણ શ્રી પંચમેરુ નંદીશ્વર દિ. જિનાલય (ગુરુદેવશ્રી કાનજીસ્વામી–વચનામૃતભવન તેમ બહેનશ્રી ચંપાબહેન–વચનામૃતભવન યુક્ત), પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી–સમાધિમં તેમ જ સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું ભાવવાહી સ્ટેચ્યૂ—ઇત્ય

આયોજન વિ. સં. ૨૦૪૧ માં સુસમ્પન્ન થયાં હતાં. હવે તે જ સ્મારકયોજનાના અંતર્ગત આગામી કહાનગુરુ–જન્મશતાબ્દિના અવસરે 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચનમંડપ' માં પૂજ્ય ગુરુદેવના પુનીત પ્રભાવનાયોગ દ્વારા નિષ્પન્ન અનેક ભવ્ય જિનમંદિર, પંચકલ્યાણક પ્રતિષ્ઠા તેમ જ મંગલ તીર્થયાત્રા આદિના દિગ્દર્શનરૂપ વિશાળ ચિત્રપટ (ફોટો) દ્વારા 'કહાનગુરુ–પ્રભાવનાદર્શન' અને 'શ્રી કુંદકુંદ–પંચપરમાગમ'ના ગુજરાતી–પદ્યાનુવાદને આરસ ઉપર કોતરીને દિવાલ ઉપર લગાડવાનું ભવ્ય આયોજન ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ શુભ–આયોજનનો મંગલ પ્રારંભ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલ છત્રછાયામાં તા. ૧૧–૧૦–૮૮ ના રોજ શ્રી જડાવબહેન નાનાલાલભાઈ જસાણી, પરિવાર, મુંબઈ (હસ્તે શ્રી આણંદભાઈ જસાણી) ના શુભ હસ્તે સમસ્ત મુમુક્ષુસમાજ તેમ જ સમાગત મહેમાનોની ઉપસ્થિતિમાં અતિ આનંદોલ્લાસપૂર્વક સમ્પન્ન થયો હતો. આરસના એક પાટીયાની કિંમત રૂા. ૫૦૧/– નક્કી કરવામાં આવી છે. પ્રાસંગિક આનંદોલ્લાસની અભિવ્યક્તિરૂપે મુમુક્ષુઓ તરફથી ૨૧૧ પાટીયા નોંધાવામાં આવ્યા હતા. પાટીયા નોંધવાનું ચાલુ છે.

* આપણા તારણહાર, મુમુક્ષુઓના ધર્મપિતા, પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કહાનગુરુસ્વામીના આઠમા વાર્ષિક સમાધિદિન—કહાનગુરુ–ઉપકાર–સ્મૃતિના પુનીત પ્રસંગ—નિમિત્તે પંચ દિવસીય વિશિષ્ટ 'ધાર્મિક કાર્યક્રમ' આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ શાહ દ્વારા કરાવવામાં આવેલી વૈરાગ્ય તેમ જ ભક્તિરસભીની ભાવવાહી 'પંચપરમેષ્ઠી-મંડલવિધાનપૂજા' તેમ જ ભક્તિ, ગુરુભક્તિ તથા તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. બહારગામથી ઘણા મુમુક્ષુભક્તો આવ્યા હતા. સમાગત અધ્યાત્મ-તત્ત્વજ્ઞ વિદ્વાન સર્વશ્રી શશીકાંતભાઈ શેઠ, શ્રી હિંમતભાઈ ડગલી, શ્રી હીરાભાઈ શાહ (દેહગામ), શ્રી પ્રાણભાઈ કામદારે આ પુણ્યાવસરે 'બહેનશ્રી ચંપાબહેન–અભિનંદનગ્રંથ'ના 'પત્ર-વ્યવહાર' વિભાગના કેટલાક પત્રો પર ભાવવાહી સુંદર તાત્ત્વિક પ્રવચન આપ્યા હતા, જે સાંભળીને શ્રોતાઓને બહેનશ્રીની (સ્વાનુભૂતિ પ્રાપ્તિના પહેલાં–પછીની) જ્ઞાન–ધ્યાન–પુરુષાર્થપ્રેરક અદ્‌ભુત દશા પ્રતિ બહુમાન ઊછળી આવતું હતું.

* રૂા. ૩૦,૦૦૦/– ત્રીસ હજાર, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચરણોમાં દશલક્ષણ પર્યુષણ પર્વથી દિપાવલી સુધી આવેલી રકમ, સંસ્થાના પંચ–પરમાગમના ગુજરાતી–પદ્યાનુવાદના આરસના પાટીયા ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

* માગશર વદ ૮, તા. ૩૧–૧૨–૮૮ ના રોજ પરમાગમ શ્રી સમયસાર આદિ પરમાગમ-સૂત્રોના પ્રણેતા પરમ પૂજ્ય શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદા-રોહણ પર્વ' વિશેષ પૂજા ભક્તિ તેમ જ અધ્યાત્મશ્રુતોપાસનાપૂર્વક ઉજવવામાં આવશે.

—❋—

## વૈરાગ્ય સમાચાર:—

* સોનગઢનિવાસી શ્રી ધરમચંદભાઈ જગજીવનદાસ ઝોબાલીયાના ધર્મપત્નિ શ્રી વિમળાબેન (વર્ષ-૬૪) આસો વદ-૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લ ૩૫ વર્ષોથી કાયમી સોનગઢ રહીને ઘણો જ લાભ લીધો હતો.

* નાયરોબીનિવાસી શ્રી વેરશીભાઈ હેમરાજ (વર્ષ-૮૮) તા. ૭-૧૧-૮૮ રોજ લંડનમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વર્ષો પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમ આવ્યા હતા ને તત્ત્વની ઘણી રુચિ ધરાવતા હતા.

* ઉમરાળાનિવાસી (હાલ-મલાડ) શ્રી મનસુખલાલ મોનજીભાઈ (વર્ષ-૬૨ તા. ૮-૧૧-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઉમરાળાના હોવાથી નાની ઉંમર જ પૂજ્ય ગુરુદેવશ્રીના સત્ સમાગમમાં આવ્યા હતા ને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અપ ભક્તિભાવ હતો.

* મોરબીનિવાસી શ્રી ફતેહચંદભાઈ પ્રભુદાસભાઈ મહેતા (વર્ષ-૮૪ તા. ૧૩-૧૧-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* માળીયા હાટીના-નિવાસી શ્રી રામજી પોપટલાલ કોઠારીના ધર્મપત્ની [શ્ર રેવાકુંવરબેન (વર્ષ-૮૫) તા. ૧૬-૧૧-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી શ્રી છબીલદાસ ગાંડાલાલ શાહના માતુશ્રી (વર્ષ-૮૧) ત ૨૫-૧૧-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગુજરવદીવાળા શ્રી શાંતાબેન ગુલાબચંદ શાહ (વર્ષ-૮૫) તા. ૨૮-૧૧-૮ ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ ગુરુનું સ્મરણ, જ્ઞાયક રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુ ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરે આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્ન પામો એ જ ભાવના.

# ચૈતન્યસ્વરૂપ ઓળખીને અનુભવ કરો

ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે. માટે ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને તું વિભાવને તોડી શકીશ. વિભાવને તોડવાનો એ જ ઉપાય છે. વિભાવમાં ઊભાં ઊભાં વિભાવ નહિ તૂટે; મંદ થશે. અને તેથી દેવાદિની ગતિ મળશે, પણ ચાર ગતિનો અભાવ નહિ થાય. ૩૯૫.

[ 'વચનામૃત-પ્રવચન' ભાગ-૪ ]

'ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે.'

શું કહે છે? ચેતન અર્થાત્ પૂર્ણાનંદસ્વરૂપ જે નિજ જ્ઞાયક આત્મા, તેના સહજ જ્ઞાતારૂપ ચૈતન્યસ્વરૂપને ઓળખી તેનો યથાર્થ અનુભવ કરતાં વિભાવ સાથે વિભાવનો રસ તૂટી જાય છે.

એક વાત એમ છે કે—છ દ્રવ્ય, પંચાસ્તિકાય, નવ તત્ત્વ વગેરેને અવિરોધપણે યથાર્થ જાણે ત્યારે તો હજી તેમને યથાર્થપણે ગ્રહણ કરનાર જ્ઞાનની પર્યાય માની કહેવાય; નિજ દ્રવ્યસામાન્યને માનવાની વાત તો કોઈ જુદી જ છે! એ રીતે યથાર્થ દેવ-શાસ્ત્ર-ગુરુને જાણે—તેમની ભક્તિના ભાવ તો રાગ છે, એ રાગની વાત તો દૂર રહી. પણ તેનું જે જ્ઞાન થયું—તે પણ પર્યાય છે; જાણપણારૂપ તે પર્યાયમાં ઊભા રહીને પૂર્ણાનંદકંદ નિજ ચૈતન્યનું જ્ઞાન નહિ થાય. અહા! આવી વાતો છે, સાંભળી લોક તે બિચારા શું કરે?

કોઈ કહે કે—અમે બધું જાણીએ છીએ, પણ અમલમાં મૂકી શકતા નથી. શું અમલમાં મૂકી શકતા નથી? વ્રત ને તપ? ભાઈ! વ્રત ને તપ વગેરે બહારની ક્રિયા આત્મા [illegible] કરી શકતો નથી. અરે! દ્રવ્ય-પર્યાયસ્વરૂપ જે નિજ ચૈતન્યવસ્તુ છે તે પર્યાયમાં છ દ્રવ્ય વગેરેનું જ્ઞાન થાય ત્યારે તો 'પર્યાયની એટલી તાકાત છે' એવું

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૪ ]

* ભાઈ! તું પંચમ કાળે ભરતક્ષેત્રે ને ગરીબ ઘરે જન્મ્યો છો તેથી ‘અમારે આજીવિકા આદિનું શું કરવું’ એમ ન જો! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. મુનિરાજને ખબર નહિ હોય કે બધા જીવો સંસારી છે? ભાઈ! સંસારી અને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે. સ્વભાવે તો એ સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ જ છે.

* શરીરની એક એક તસુમાં ૯૬-૯૬ રોગ છે; એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છૂટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ઘુસી જાય છે, પણ ભાઈ! તારે ક્યાંક જવું છે ત્યાં કોનો મહેમાન થઈશ? કોણ તારું ઓળખીતું હશે? એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે! શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઊઘડે નહિ ને ક્ષણમાં દેહ છૂટતાં અજાણ્યા સ્થાને હાલ્યો જઈશ! નાની નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે, માટે તારું કાંઈક કરી લે! શાસ્ત્રમાં કહ્યું છે કે વૃદ્ધાવસ્થા જ્યાં સુધી ન આવે, શરીરમાં વ્યાધિ જ્યાં સુધી ન આવે અને ઇન્દ્રિયો જ્યાં સુધી ઢીલી ન પડે ત્યાં સુધીમાં આત્મહિત કરી લેજે. —પૂજ્ય ગુરુદેવશ્રી

[ ‘ગુરુદેવશ્રીનાં વચનામૃત’, ‘આત્મધર્મ-મે ૧૯૮૪’ તથા ‘દૃષ્ટિનાં નિધાન’ માંથી ]

Licence No. 3 ‘ Licensed to post without prepayment ’

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/- પ્રત : ૩૨૦૦

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012